**સુવિચાર**

દુનિયાનાં લોકો શું કરે છે એ જોવા કરતાં મારે શું કરવું જોઈએ એ વિચારવું વધારે ઉપયોગી છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૧/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એકસપ્રેસ

|| જય શ્રી રામ ||
www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
अयोध्या राम मंदिर

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ પોષ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૦૩૪

## વડોદરાનાં હરણી તળાવની ગંભીર દુર્ઘટના સમયે ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી

# જાફરાબાદનાં દરિયામાં ફરતી ૩૦ પેસેન્જર બોટને લાયસન્સ જ નથી

**સ્થાનિક મીડિયાનાં પ્રતિનિધિઓએ રિયાલિટી ચેક કરતાં સ્ફોટક ઘટના પ્રકાશમાં આવી**

**કરોડો રૂપિયાનાં ખર્ચે ચલાવતા સરકારી વિભાગોનાં અધિકારીઓ અને કર્મચારીઓ અવારનવાર તેમની ફરજ ચૂકી રહ્યા છે**

**મુસાફરોની હેરફેર માટે બોટની લાયસન્સ પ્રક્રિયાની અમલવારી ન કરાવનાર વિરૂધ્ધ કાર્યવાહી જરૂરી**

**કોઈ અકસ્માત બને તે પહેલા જ સરકારી વિભાગોએ તેમના નિયમોનું પાલન કરાવવું જોઈએ**



અમરેલી, તા. ૧૯

તાજેતરમાં વડોદરાના હરણી તળાવની ગંભીર દુર્ઘટના બાદ અમરેલીના દરિયા કિનારે સ્થાનિક મીડિયાએ રિયાલિટી ચેકિંગ હાથ ધરતા અમરેલીના જાફરાબાદના શિયાળ બેટ ટાપુ પર ૩૦ જેટલી પેસેન્જર બોટ વગર લાયસન્સે ચાલુ હતી. જેમાં પેસેન્જર બોટને ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારી બોટના લાયસન્સ ઈસ્યુ કર્યા ન હતા.

આ બનાવમાં તાજેતરમાં વડોદરાના હરણી તળાવની ગંભીર દુર્ઘટના બાદ અમરેલીના દરિયા કિનારે સ્થાનિક મીડિયાએ રિયાલિટી ચેકિંગ હાથ ધર્યુ હતું. જેમાં અમરેલીના જાફરાબાદના શિયાળ બેટ ટાપુ પર ૩૦ જેટલી પેસેન્જર બોટ વગર લાયસન્સે ચાલુ હતી. બાદમાં ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારીના લાયસન્સ ઈસ્યુ કર્યા હતા. પેસેન્જર બોટને માછીમારી કરવા માટેના ફિશરીઝ વિભાગ દ્વારા લાયસન્સ ઈસ્યુ કર્યા હતા. જેમાં જીવના જોખમે અનેક મુસાફરોને વગર લાયસન્સની બોટમાં દરિયાઈ મુસાફરી કરવાની ફરજ પડતી હતી.

જાફરાબાદના શિયાળ બેટ ટાપુ પર ૩૦ જેટલી પેસેન્જર બોટ વગર લાયસન્સે ચાલુ હતી. છતાં તંત્ર ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં હોય તેમ વડોદરાના હરણી તળાવની ગંભીર દુર્ઘટના ઘટે તેની રાહ જોતું હોય તેમ લાગી રહયું હતું. બાદમાં પોલીસની હાજરીમાં લાઈફ જેકેટ પહેરીને ફેરી બોટ ચાલું કરવામાં આવી હતી.

વહીવટી તંત્રે હરણી તળાવ જેવી ગંભીર દુર્ઘટના સર્જાઈ તો જવાબદારી કોની તેવા સવાલો ઉભા થયા છે. ત્યારે ૩૦ પેસેન્જર બોટોને લાયસન્સ ઈસ્યુ ના કરતા હોવાનો માછીમારોનાં આક્ષેપ પણ થઈ રહયા છે.

મુસાફરોની હેરફેર કરતી બોટ વગર લાયસન્સે દોડતી હોય તેવા સમયે જવાબદાર વિભાગનાં અધિકારીઓ કયાં અને કેવી રીતે નિષ્ફળ રહ્યા તેની પણ તપાસ થવી જરૂરી બની છે.

|| જય સરદાર ||

SHREE KHODAL DHAM KAGWAD

|| જય ભોજલરામ ||

ચાલો ભૂમિદાન માટે સંકલ્પબદ્ધ થઈએ...

શ્રી **ખોડલધામ**

ભક્તિ દ્વારા એકતાની શક્તિ

**શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નિર્મિત થનાર**

**સર્વ સમાજ માટે અત્યાધુનિક કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર**

**ભૂમિપૂજન**



**તારીખ : ૨૧-૦૧-૨૦૨૪, રવિવાર**
**સમય : સવારે ૦૭:૦૦ કલાકે**
**સ્થળ : શ્રી ખોડલધામ મંદિર - કાગવડ**

દરેક સમાજનાં આગેવાનો તેમજ યુવાનોને આ ભૂમિપૂજનમાં તેમજ શ્રી ખોડલધામ-કાગવડ મુકામે મહાસભામાં જોડાવવા ભાવભર્યું નિમંત્રણ છે.

| | | | |
|---|---|---|---|
| હડમતાળા ઈન્ડ. એસોસિએશન | શાપર-વેરાવળ ઈન્ડ. એસોસિએશન | મેટોડા GIDC ઈન્ડ. એસોસિએશન | રાજકોટ એન્જિનિયરીંગ એસોસિએશન |
| રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન | લોઠડા-પડવલા-પીપલાણા એસોસિએશન | રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ | રાજકોટ હાર્ડવેર મેન્યુ. એસોસિએશન |
| સિલ્વર કાસ્ટિંગ એસોસિએશન | વાવડી ઈન્ડ. એસોસિએશન | રાવકી ઈન્ડ. એસોસિએશન | કુવાડવા ઈન્ડ. એસોસિએશન |
| રાજકોટ ઈમિટેશન એસોસિએશન | રાજકોટ કીચનવેર એસોસિએશન | સાવલીયા પરિવાર | અકબરી પરિવાર |
| ટીલાળા પરિવાર | રંગાણી પરિવાર | વઘાસીયા પરિવાર | રાજકોટ ડેરી એસોસિએશન |
| | શંખારવા પરિવાર | ગઢીયા પરિવાર | |

L'Aquila Promos - 9727700552

@ShreeKhodaldham @shreekhodaldhamtrust

### શ્રી રામલલ્લાનાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત

# બાબરામાં એક વેપારી વિનામૂલ્યે રંગોળીનો કલર પુરો પાડી રહ્યા છે

### રાહતદરે ફટાકડાનું પણ વેચાણ કરી રહ્યા છે

બાબરા, તા. ૧૯

બાબરાની મેઈન બજારમાં આવેલ નીતિનભાઈ શેઠની વલ્લભ નોવેલ્ટી નામની દુકાનમાં છેલ્લાં પાંચ દિવસથી રંગોળી બનાવવાનો કલર સાવ મફત આપવામાં આવે છે અને આ કલર ૨૨ તારીખ સુધી મફત આપવામાં આવશે.

બાબરા શહેરમાં રામલલ્લા પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી રૂપે જુદા જુદા કાર્યક્રમોની શરૂઆત થઈ ગઈ છે. જેમાં શહેરમાં આવેલા તમામ મંદિરોની સાફ સફાઈ કરાય હતી. મંદિરોમાં રોશની કરવામાં આવી રહી છે તો શહેરની બજારોને પણ મંડપ ડેકોરેશનથી શણગારીને રોશનીથી ઝળકાવી છે. તો બીજી તરફ પતાકા, ધ્વજાઓ અને ભગવાન શ્રી રામનાં મસમોટા બેનરો અને ગેટ બનાવામાં આવ્યાં છે.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ત્યારે શહેરનાં એક વેપારીએ પણ એક અલગ પ્રકારની જાહેરાત કરી છે. નીતિનભાઈ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલ દરરોજનો ૩ થી ૪ કિલ્લો કલર સાવ ફ્રી આપવામાં આવે છે અને હજુ આ કાર્ય તા. ૨૨/૧/૨૦૨૪ સુધી ચાલું રાખવામાં આવશે. હજુ જેટલો પણ કલર લોકો લેવા માટે આવશે એટલો સ્ટોક મારી દુકાન પર રાખીશું સાથે સાથે ફટાકડા પણ આવેલ ભાવથી વેંચીને રામલલ્લા ઉત્સવની ભવ્ય રીતે ઉજવણી કરીશું.

### પોલીસ અધિક્ષક અને ના.પો.અ.નાં માર્ગદર્શનતળે

# સા.કુંડલા ખાતે આગામી તહેવારોને અનુલક્ષીને ફુટ પેટ્રોલીંગ યોજાયુ

### પીઆઈ સોની અને રેપીડ એકશન ફોર્સ જોડાઈ



**(અહેવાલ : પ્રતાપ ખુમાણ, તસ્વીર : કેવલ વેલાણી દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૯

અમરેલી જિલ્લા એસ.પી. હિમકર સિંહજી તથા ડી.વાય.એસ.પી. હરેશકુમાર વોરાના માર્ગદર્શન નીચે આગામી તહેવારો અનુલક્ષીને શહેરમા કાયદો વ્યવસ્થાની જાળવણી હેતુ, પોલિસ ઈન્સ્પેકટર સાર્થક કુમાર સોની અને રેપીડ એકશન ફોર્સ દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ તેમજ સંવેદનશીલ વિસ્તારની મુલાકાત લીધેલ. અને સાવરકુંડલાની કે. કે. હાઈસ્કૂલમાં સી.પી.આર. ટ્રેનિંગ આપેલ તેમજ અલગ અલગ મુદ્દાઓ ઉપર વાત કરેલ હતી.

### સુજલામ સુફલામ યોજના અન્વયે

# તળાવ ઉંડા ઉતારવાની કામગીરીને વહેલી મંજુરી આપો

### મુખ્યમંત્રીને રજુઆત કરતા કૌશિક વેકરિયા

અમરેલી, તા.૧૯

સરકાર દ્વારા દર વર્ષે સુજલામ સુફલામ યોજના અન્વયે રાજયભરનાં તળાવ ઉંડા ઉતારવાની કામગીરી કરવામાં આવે છે. જે કામગીરી ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી કામગીરી છે. જેનાથી તળાવ ઉંડા થતા જળસંચય થાય છે. અને આવા તળાવોની માટી ખેડૂતોનાં ખેતરોને નવસાંધ્ય કરવામાં ઉપયોગી બને છે. આમ આ કામગીરીથી બેવડો ફાયદો થાય છે.

પ્રતિવર્ષે થતી આ કામગીરીમાં મંજુરી જાન્યુઆરી મહિનામાં જ મળી જાય તો આ કામગીરી વધુ પ્રમાણમાં થઈ શકે અને સમયસર સંપન્ન થઈ શકે જેથી આ વર્ષે તળાવ ઉંડા ઉતારવાની રાજયવ્યાપી કામગીરી પ્રજાનાં હિતમાં વહેલી શરૂ કરવા અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાએ રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીએ રજુઆત કરી છે.

# બગસરા : સાયબર ક્રાઈમ છેતરપીંડીમાં ગયેલ નાણા પરત અપાવતી પોલીસ



અમરેલી, તા. ૧૯

બગસરા પોલીસ સ્ટેશનના પ્રો.ના. પોલીસ અધિ. સી.બી. સોલંકી તથા પોલીસઈન્સ્પેકટર કે.સી. પારગીના સીધા માર્ગદર્શન હેઠળ બગસરા ટાઉન વિસ્તારના મહિલા અરજદાર કરીમાબેન આસીફભાઈ લોખંડવાલાઓની સાથે ટેલીગ્રામ તેમજ વોટસએપ માધ્યમથી સંપર્ક કરી વેબસાઈટ પરથી મુવી પરચેઝ કરાવી ઈન્વેસ્ટ કરવાના બ્હાના હેઠળ અરજદાર પાસેથી ભોળવી ફ્રોડ કરી ઓનલાઈન રૂા. ૫૩,૭૪૩ની છેતરપીંડીથી મેળવી લીધેલ. જે બાદ પોલીસઈન્સ્પેકટર કે.સી. પારગીનાઓએ બનાવની વિગત જાણી અરજદારને સાંત્વના પાઠવી ત્વરીત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરનાઓનો સંપર્ક કરી બનાવ બન્યાના ગણતરીના કલાકોમાં અરજદાર પાસેથી ઓનલાઈન છેતરપીંડીમાં ગયેલ રૂા. ૫૩,૭૪૩ની ૧૦૦% રકમ ફ્રીઝ કરી મહિલા અરજદારને પરત અપાવેલ છે. આમ અરજદાર સાથે ગયેલ તમામ રકમ પરત અપાવી પ્રસંશનીય કામગીરી કરેલ છે.


## હેપ્પી બર્થ–ડે...

વાહ ક્યા સીન હૈ, જન્મદિવસ તા. ૨૦/૧/૨૪
દાદા ભાવચંદભાઈ, દાદી ચંપાબેન માલવીયા
દાદા કાંતિભાઈ માલવીયા, દાદી નિતાબેન માલવીયા
દાદા પ્રવિણભાઈ, દાદી મધુબેન માલવીયા
તથા પપ્પા આનંદભાઈ, મમ્મી દક્ષાબેન માલવીયા
નો લાડલો તથા કાકા જય, લક્ષ
ફૈ આસ્થા તરફથી
અંતરનાં આર્શીવાદથી
ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન.


ચિ. દ્વનીત


### કળિયુગમાં આવી ઘટનામાં વધારો થયો

# લાઠીનાં જાનબાઈ દેરડી ગામે યુવકને તેના ભાઈને આર્થિક મદદ કરવાનું ભારે પડયું

### આપેલ નાણા પરત માંગતા માર પડયો

અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા મનિષભાઈ ધનજીભાઈ વણોદિયા નામના ૩૫ વર્ષિય યુવકે તેના ભાઈને તેના લગ્નમાં આપેલ હતા તે પૈસા પરત માંગતા પોતાના ભાઈને સારૂ નહી લાગતા આરોપી વિજયભાઈ ધનજીભાઈ વણોદિયા, ધનજીભાઈ કુરજીભાઈ, મુકેશભાઈ ધનજીભાઈ વણોદિયા (રહે. ત્રણેય જાનબાઈ દેરડી, તા. લાઠી) વાળાએ મનિષભાઈને લાકડી તથા લોખંડના પાઈપ વડે માર મારતા કાનના ભાગે ગાંકા આવે તેવી ઈજા કરી તથા હાથની આંગળીમાં ફેકચર કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કનાં

# જીરા (ડાભાળી) શાખાનાં બાકીદારે બાકી લોનનાં નાણા ભરપાઈ કરતાં હરરાજી કેન્સલ

### ૩ ફેબ્રુઆરીનાં રોજની હરરાજી રદ કરી દેવાઈ

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. જીરા (ડાભાળી) શાખા તળેના બાકીદાર મનહરભાઈ નાનજીભાઈ શેલડીયાએ બેન્કની બાકી લોન ભરપાઈ ન કરતા તેમની પાસે રેવન્યુ રાહે વસુલાત કરવા માટે તેમની જમીનની તા. ૧/૧/૨૪નાં રોજ જાહેર હરરાજી માટેની જાહેર નોટી બજાવવામાં આવેલ. પરંતુ તા. ૧૯/૧/૨૪નાં રોજ બાકીદાર તરફથી બાકી લોનના પૈસા ચુકતે ભરપાઈ કરવામાં આવતા તા. ૩/૨/૨૪નાં રોજ જીરા (ડાભાળી) ગામે કરવામાં આવનાર જમીનની જાહેર હરરાજી કેન્સ કરવામાં આવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

### સમગ્ર પંથકની જનતા શ્રીરામમય બની

# બાબરા શહેર ભગવાન શ્રી રામ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં રંગે રંગાયું

### દરેક સોસાયટીમાં રંગોળી, ધજા પતાકાનો શણગાર


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા સહિત સમગ્ર પંથક અયોધ્યામાં ભગવાન શ્રી રામનાં નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં રંગે રંગાયું છે. ઠેર–ઠેર અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં ચિતલ રોડ પર આવેલ દ્વારકેશ સોસાયટીનાં રહીશો ધ્વારા વોટર કલર વડે વિશાળ રંગોળી સોસાયટીમાં દોરવામાં આવી છે તેમજ ધજા પતાકા બાંધવામાં આવ્યા છે. સમગ્ર સોસાયટી રામમય બની છે. ૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન શ્રી રામની પૂજા–આરતી તેમજ પ્રસાદ વિતરણના કાર્યક્રમનું ભવ્ય અને દિવ્ય આયોજન રહીશો ધ્વારા કરવામાં આવ્યું છે.


આમ આદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના



સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

## વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે


કેવલ વેલાણી
(સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

### જિલ્લા કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતી માસનો પ્રારંભ

# માર્ગ અકસ્માત અને તેમાં થતાં મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થતાં કલેક્ટરે માર્ગ સલામતી સમિતિને અભિનંદન પાઠવ્યા

## વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ લીધા



અમરેલી, તા. ૧૯

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૪ અંતર્ગત શુક્રવારે અમરેલી જિલ્લા પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા આયોજિત જાગૃતિ કાર્યક્રમ જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો. શહેરના સેન્ટર પોઈન્ટ ખાતે યોજાયેલ સમારોહમાં અમરેલી શહેરની વિવિધ ૧૨ શાળાના અંદાજિત ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ લીધા હતા. કાર્યક્રમમાં અકસ્માત નિવારવાના ઉપાયો તેમજ ટ્રાફિકના વિવિધ નિયમો અંગે આર.ટી.ઓ.ના અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરતા જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, ‘ અમરેલી જિલ્લામાં ટ્રાફિક અને માર્ગ સલામતીની સમીક્ષા કરવા માટે માર્ગ સુરક્ષા સમિતિ કાર્યાન્વિત છે. આ સમિતિ જિલ્લામાં થતા અકસ્માતોની સંખ્યા તેમજ સ્થળોની સમીક્ષા કરે છે તેના આધારે સાઈનેજ, ક્રેશ બેરિયર, એન્જિનિયરીંગ સહિતના મુદ્દે પગલાઓ ભરે છે. અમરેલીમાં સૌના સહિયારા પ્રયાસોથી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ અકસ્માતો અને તેમાં થતા મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.’ આ પ્રસંગે માર્ગ સુરક્ષા અંગે અસરકારક કામગીરી કરવા બદલ જિલ્લા કલેકટરે સમિતિની કામગીરીને બિરદાવતા અભિનંદન પાઠવ્યા હતા.

વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાનો સંદેશો આપતા જિલ્લા કલેકટરે વધુમાં જણાવ્યુ હતુ કે, નાની નાની બાબતોની ઉપેક્ષા કરવાથી અકસ્માતો થતા હોય છે. મોટા શહેરોમાં ટ્રાફિક નિયમોના પાલન કરવા માટે ટ્રાફિક સિગ્નલ હોય છે. આવા સિગ્નલોની વિવિધ કલરની લાઈટના નિયમો, ઝેબ્રા ક્રોસિંગના નિયમો પાળવા જોઈએ. રોંગ સાઈડમાં વાહન હંકારવાના દૂષપરિણામો આવી શકે છે. આ ઉપરાંત જે વાહન ચલાવો છો તેનું ફીટનેસ પણ ચકાસતું રહેવું જોઈએ. ઘણી વખત વાહનના ફીટનેસના કારણે પણ અકસ્માતો સર્જાતા હોય છે. બીજાને નુકસાન ન પહોંચે અને ખુદને નુકસાન ન થાય એવી શૈલીનું ડ્રાઈવિંગ કરવું જોઈએ. આ પ્રસંગે જિલ્લા કલેકટરે આર.ટી.ઓ.ને ટ્રાફિકના વિવિધ સાઈનેજીસ અંગે વિદ્યાર્થીઓને વિગતવારે સમજણ પૂરી પાડવા માટે સૂચન કર્યુ હતું.

કાર્યક્રમના પ્રારંભે એ.આર.ટી.ઓ. પઢિયારે સ્વાગત પ્રવચન તેમજ ટ્રાફિકના નિયમોની જાગૃતિ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, માર્ગની મર્યાદાથી વધુ ઝડપે વાહન હંકારવાથી, વાહન ચલાવતા સમયે મોબાઈલ ઉપકરણોના ઉપયોગથી, બે વાહન વચ્ચે સલામત અંતર ન જાળવવાથી, રેડલાઈટના નિયમોનો ભંગ કરવાથી, ઉપરાંત નશો કરીને વાહન હંકારવાથી મોટાભાગે અકસ્માતો થાય છે. આ ઉપરાંત વાહન હંકારતી વેળાએ આવેશમાં આવીને વધુ ઝડપે વાહન હંકારવાથી પણ અકસ્માતો થતા હોય છે. વિદ્યાર્થીઓ જયારે લાઈસન્સ મેળવી અને વાહનચાલક બને ત્યારે તેમણે આ અંગેની પૂરતી તકેદારીઓ રાખવી જોઈએ.

કાર્યક્રમમાં લાયન્સ કલબ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બેન્ડની સૂરાવલીએ જિલ્લા કલેકટરનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે માર્ગ સલામતી અને સુરક્ષા ક્ષેત્રે ઉતકૃષ્ઠ કામગીરી કરનારી શાળાઓ અને સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સેન્ટર પોઈન્ટ પરિસરમાં આર.ટી.ઓ. દ્વારા માર્ગ સુરક્ષાના નિયમો અને જાગૃતિને લગતા પોસ્ટર્સનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, ઈન્ચા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી, સિટી પોલીસ ઈન્સ્પેકટર વાઘેલા, આર.ટી.ઓ. અને પોલીસ વિભાગના અધિકારીઓ, શાળાના શિક્ષકો, વિવિધ સંગઠનો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગર નગરપાલિકા ખાનગી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા



દામનગર, તા. ૧૯

ચૂંટીને મોકલવામાં આવતા લોકો જાણે કે પોતાની જાગીર હોય એવી રીતે શાસનમાં વર્તન કરતા હોય છે..!! તે કેટલું યોગ્ય ગણાય જ નહિ. આગામી ૨૬મી જાન્યુઆરીની ( પ્રજાસત્તાક દિવસ) ઉજવણી માટે મીટીંગ રાખવામાં આવતી હોય છે. જેમાં સરકારી સંસ્થાઓ અને વિવિધ મંડળોના અધિકારીઓ–કર્મચારીઓ અને આગેવાનો તેમજ મીડિયાના કર્મચારીઓને બોલાવી સૂચનો સ્વીકારી કાર્યક્રમને સફળ બનાવવા માટે ચર્ચા કરાતી હોય છે. દામનગર નગરપાલિકામાં આજે શુક્રવારે બપોરના ૧૨–૩૦ કલાકે પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે યોજવામાં આવેલ મિટિંગમાં મીડિયાના કર્મચારીઓને બાકાત રાખવામાં આવતા ચોથી જાગીર ગણાતા પત્રકારો પ્રત્યે રાગદ્વેષ–કિન્નાખોરી રાખવામાં આવતી હોય, લોકશાહી કેવી રીતે ગણવી..!! તે એક મોટો અને વિચારવા જેવો સવાલ છે..!!

# રાજુલા : ધારનાથ મહાદેવ મંદિર ખાતે સફાઈઅભિયાન હાથ ધરાયું



રાજુલા, તા. ૧૯

રાજુલા અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ધારનાથ મહાદેવ મંદિર ખાતે પચીસ જેટલા યુવાનો આ સફાઈ ઝુંબેશ હાથ ધરેલ જે સફળ રહેલ. મંદિરના પુજારી સહિતના ધારનાથ સોસાયટીના રહેવાસીઓ તથા જશુભાઈ દવે, પરાગભાઈ જોશી, પરેશભાઈ ગોહિલ સફાઈમાં જોડાયા હતા. ધારનાથ મહાદેવ મંદિર પુજારી રાજેશગિરી બાપુ દ્વારા જણાવાયું હતું કે દરેક સોસાયટી ભકતો, બાળકો સહિત સહું કોઈ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. રમેશભાઈ ઉપાધ્યાય દ્વારા જણાવાયું હતું કે સફાઈ સફળતાથી કરવામાં આવી છે મંદિરમાં શણગાર તેમજ મહાઆરતીનું પણ આયોજન છે. ત્યારે ચિરાગ જોષીએ જણાવાયું હતું કે આખા દેશમાં મહોત્સવ ઉમંગ સાથે ઉજવણી છે. રાજુલા શહેરમાં ઘણા મંદિરોમાં તથા ધારનાથ મહાદેવ મંદિર સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું. ભગવાન શ્રી રામ અયોધ્યા મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત રાજુલા પણ જોડાયું છે. તારીખ ૨૨ જાન્યુઆરીએ ભવ્ય શોભાયાત્રા રામજી મંદિરથી નીકળી પોલીસ સ્ટેશન ચોક, કેસરી નંદન હનુમાનજી મંદિર, હિડોરણા રોડ, જલારામ બાપાના મંદિરમાં પુર્ણ થશે. ભવ્ય મહાઆરતી તથા પ્રસાદ ખિચડીનું આયોજન રાજુલા લોહાણા સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. ઉમંગથી ઉજવણી કરવામાં આવશે.

### જિલ્લા ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ઉનાનાં નવા બંદરનાં દરિયામાંથી વિદેશી દારૂ સાથે ૩ બુટલેગરો ઝડપાયા

## પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૯

કેન્દ્રશાસિત પ્રદેશ દિવથી દરિયાઈ માર્ગે અમરેલીના જાફરાબાદ જઈ રહેલ લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ દ્વારા સાત લાખથી વધુની કિંમતના મુદ્દા માલ સાથે ત્રણ બુટલેગરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જયારે અન્ય એકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ થતો હોવાના સરકારી દાવા થઈ રહ્યા છે જો કે તેમ છતાં હજુ પણ રાજયમાં પોલીસના હાથે રોજના લાખો રૂપિયાનો દારૂ ઝડપાય છે પોલીસનું કડક પેટ્રોલિંગ હોવા છતાં બુટલેગરો બેફામ બની રાજયમાં દારૂ ઘુસાડવા માટે અવનવા કિમીયાઓ કરતા હોય છે. પરંતુ બુટલેગરો પોલીસના હાથે ઝડપાતા કીમિયાઓ ફલોપ થઈ રહ્યા છે

ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દિવમાંથી બોટમાં ભરી દરિયાઈ માર્ગ મારફતે જાફરાબાદ ખાતે વિદેશી દારૂ મોટી માત્રામાં લઈ જવાતો હોવાની જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેકટર વી કે ઝાલા, પ્રવીણ મોરી, પ્રફુલ વાઢેર, રાજુ ગઢીયા, સંદીપ ઝણકાટ સહિતનાઓને બાતમી મળતા બોટ દ્વારા દરિયામાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે નવાબંદરના દરિયામાં ત્રણ નોટિકલ માઈલ દૂર જીરી નામની બોટ નંબર જીજે ૩૨ એમઓ ૭૬૨૮ પાસે જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ પહોંચતા દરિયામાં બુટલેગર અને પોલીસ વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ત્યારબાદ ભારે જહેમત બાદ આ બોટને પોલીસે રોકાવી તપાસ કરતાં બોટમાં ભરેલ વિદેશી દારૂની પેટી નંગ ૧૨૮ માં બોટલ નંગ ૫૧૬૪ કિંમત ૪ લાખ૬૨ હજાર. ૩૦૦, બિયરની પેટી નંગ ૨૦ જે નંગ ૪૮૯ કિંમત ૪૮ હજાર ૯૦૦, બોટની કિંમત ૨ લાખ ૫૦ હજાર, એક મોબાઈલ કિંમત ૫૦૦ મળી કુલ ૭ લાખ ૬૧ હજાર ૭૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી ઈસ્માઈલ અબ્દુલ્લા પટેલિયા રહે. ધામળેજ તા.સુત્રાપાડા હાલ નવાબંદર, મયુર લક્ષ્મીચંદ કાપડિયા રહે. નવાબંદર તા. ઉના, ભરત લાખાભાઈ સોલંકી રહે. નવાબંદર તા. ઉના, મહેશ ઉર્ફે મુન્નો લાખાભાઈ રાઠોડ રહે. ખત્રીવાડા તા.ઉના વાળાઓને ઝડપી પાડી જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે નવાબંદર પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા

# અમરેલી જિલ્લાનાં વેપારીઓને સોમવારે ધંધા–રોજગાર બંધ રાખવા અનુરોધ

## શ્રી રામ મંદિર પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉત્સાહ

અમરેલી, તા. ૧૯

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ પર નિર્મિત પ્રભુ શ્રીરામ ભગવાનના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૨/૧/૨૦૨૪ ને સોમવારના રોજ યોજવા જઈ રહ્યો છે. ત્યારે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, મિતુલભાઈ ગણાત્રા, મયુરભાઈ બોઘરા તેમજ એડવાઈઝરી કમિટી ટીમ તેમજ સમગ્ર ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સની ટીમ દ્વારા અમરેલી જિલ્લાના સર્વે વેપારી ભાઈઓને વિનંતી સાથે અપીલ કરીએ છીએ કે ૨૨/૦૧/૨૦૨૪ ને સોમવારના રોજ આપ અડધો દિવસ આપના વેપાર ધંધા બંધ રાખી આપના શહેરની અંદર શોભાયાત્રા હોય મંદિરની અંદર કાર્યક્રમો હોય કે ભગવાન રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને કોઈ પણ કાર્યક્રમમાં સહભાગી થાઓ અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ભવ્યથી ભવ્ય રીતે આપણે સૌ સાથે મળીને ઉજવીએ તે માટે આપ સૌને વિનંતી કરીએ છીએ કે અડધો દિવસ માટે આપણા ધંધા રોજગાર બંધ રાખીએ સાથે તાલુકા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખઓને પણ વિનંતી છે કે આપ આપના શહેરની અંદર આ પ્રકારે વેપારીઓને વિનંતી સાથે અપીલ કરો એવી આપને પણ વિનંતી છે અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આપણે સૌભાગ્ય બની સહકાર આપીએ એવી આપને વિનંતી છે.

### અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ–પ્રતિષ્ઠા અંતર્ગત

# અમરેલીનાં માળીલા ગામે રવિવારે રાત્રિનાં અરવિંદ બારોટનો લોકડાયરો

## શોભાયાત્રા, ધર્મસભા, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા.૧૯

દેશ માટે ગૌરવની ક્ષણ એવા અયોધ્યા ખાતે આગામી તા. ૨૨ જાન્યુઆરીના રોજ રામલ્લાનાં રામમંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને વધાવવા સમગ્ર દેશ થનગની રહયો છે. આ મહોત્સવમાં અમરેલી તાલુકાનું નાનુ એવું માળીલા ગામ અનોખી રીતે ઉજવણી કરીને અયોધ્યા મહોત્સવમાં ઘરબેઠા સામેલ થાય તે અંગેનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

માળીલા ખાતે તા. ૨૧ જાન્યુઆરીને રવિવારનાં રોજ રાત્રીનાં ૯:૩૦ આયોજીત લોકડાયરામાં અરવિંદ બારોટ એન્ડ ગ્રૃપ કલાપ્રસ્તુતી કરી ડાયરો ડોલાવશે. તા. ૨૨ જાન્યુઆરીને સોમવારનાં રોજ સવારનાં ૯ કલાકે શોભાયાત્રા, ૧૦ કલાકે ધર્મસભા તેમજ અયોધ્યા ખાતેનાં કાર્યક્રમનું લાઈવ ટેલીકાસ્ટ પ્રસારણ, મહાઆરતી અને ગામ ધુમાડા બંધ મહાપ્રસાદ વિગેરે કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમમાં માળીલાના વતની ઈફકો–એનસીયુઆઈનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિતનાં મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો, સુરતવાસીઓ તેમજ આજુબાજુનાં ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ અખબારી યાદીનાં અંતમાં જણાવાયેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
ફ્રી હેલ્મેટ
3+3 years Warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

।। વંદે માતરમ્ ।।
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
અમરેલી • સુરત • મોરબી
KRISHNA EVENT
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટ ઈવેન્ટ
• સંગીત સંધ્યા • રાસ ગરબા
• કોર્પોરેટ ઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

# વાર્તા–વૈભવ



ધર્મેન્દ્ર ત્રિવેદી

**પરિચય**

નામ : ધર્મેન્દ્ર ત્રિવેદી

જન્મ : ૦૮–૦૯–૧૯૬૯

અભ્યાસ : એમ.એ. વિથ ઈંગ્લીશ લિટરેચર, વ્યવસાય : ગુજરાત વિધાનસભામાં ભાષાંતર એકમના સુપરવાઈઝર. ૨૦૦૯ થી ૨૦૨૧ સુધી નરેન્દ્રભાઈથી લઈને વિજય રૂપાણી સાથે બાર વર્ષ વિશિષ્ટ કામગીરી કરી. શોખ : વાંચન, લેખન, ફોટોગ્રાફી અને સર્પસંરક્ષણ. વિશેષ પરિચય : બાળ પણથી પક્ષી નિરીક્ષક, ૧૬ વર્ષની ઉંમરથી સર્પોનો અભ્યાસ કરવાનું ચાલુ કર્યુ અને આશરે ૧૯૮૭–૮૮થી સર્પ બચાવ કરે છે. ગાંધીનગરમાં સ્નેક લવર્સ કલબ નામનું જૂથ બનાવ્યું અને ૨૦ કરતા વધારે યુવાનોને એથીકલ સ્નેક રેસ્કયુ શીખવાડીને રેસ્કયુમાં જોડાયા. રાજસ્થાન વન વિભાગના ડુંગરપુરના ૪ કર્મચારીઓને રેસ્કયુની તાલીમ આપી. એ જ રીતે ઈન્ડિયન નેવીના ૨૦ અધિકારીઓને સ્નેક રેસ્કયુની તાલીમ આપી. સાહિત્યિક સિદ્ધિઓ : ૧. તેમની લખેલી ટૂંકી વર્તાઓના સંગ્રહ 'પુષ્પક'ને ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠીત એવોર્ડ પ્રાપ્ત થયા છે. ૨. ગાંધીનગર સમાચારમાં ' જાત સાથે વાત નામની કોલમ લખતા હતા. ૩. હાલ મુંબઈ સમાચાર અને નવગુજરાત સમય અખબારોમાં પ્રકૃતિકેન્દ્રી કોલમ લખે છે.

## ટિકિટ (વાર્તા)

**– ધર્મેન્દ્ર ત્રિવેદી**

### ટિકિટ (ટૂંકી વાર્તા)

ગાઢ ઊંઘમાં તેને એમ લાગ્યું કે કોઈ બૂમો પાડીને બોલાવી રહ્યું છે. પણ આવું તો કાયમ જ થાય છે ને? કયારેક મુશ્કેલીમાં પડેલા અંતરંગ મિત્રોના પોકાર, તો ક્યારેક એકદંડિયા મહેલમાં કેદ થયેલી રાજકુમારીના આર્તનાદ, તો ક્યારેક કોઈ મુગ્ધાના ઈશારા દેખાય. ઘેરી ઊંઘના અંધકાર વચ્ચેથી ગળાઈ ગળાઈને આવી રહેલા આજના અવાજો કાંઈક જાણીતા હોય એવું લાગ્યું. તેણે આ અવાજોને અવગણ્યા અને અગાશીની પાળી તરફ પડખું ફરીને વધારાના ઓશિકાને કાન પર દબાવી દીધું, અવાજો ધીમે ધીમે ઓછા થતા ગયા અને ઊંઘ ફરીથી તેને ઘેરી વળી. અગિયારમા ધોરણની પરીક્ષા હમણાં જ તો પતી હતી, અને બારમા ધોરણનો અભ્યાસ શરૂ થાય એ પહેલાનું વેકેશન તેને શિયાળાના ઘઉંથી છવાયેલા લીલાછમ્મ ખેતર જેવું લાગતું હતું. માબાપના 'ભણવામાં પ્રયાન આપ ડફોળ ના મહેણાં–ટોણાંને અવગણીને, છપ્પનિયા દુકાળમાં ભૂખે મરેલો માણસ, સત્તાવનની સાલમાં જે રીતે ભોજન પર તૂટી પડે એ જ રીતે તે લાઈબ્રેરીના પુસ્તકો પર તૂટી પડેલો! રાત્રે જમ્યા બાદ થોડીવાર મા સાથે ગામગપાટા મારીને એ ગોદડામાં બે ઓશીકા અને એક ચાદરનો વીંટો બનાવતો અને અગાશીમાં ઘા કરીને નાખી દેતો. વર્ષો પૂર્વે ખરીદેલા સસ્તાભાવના એકમાળીયાની બહારની દીવાલોનું પ્લાસ્ટર વરસાદમાં લાગેલી લીલ અને ક્ષારની ભાત, ઘરની અંદર–બહારની સ્થિતિની ચાડી ખાતા હતાં. અગાસી પર સુધરાઈના થાંભલા તરફ માથું રહે એ રીતે ગોદડું પાથરીને તે પાળી પર પગ ચડાવીને રાત્રે ત્રણ ચાર વાગ્યા સુધી વાંચ્યા કરતો. સવારે તડકો ફેલાતો જાય એમ એમ એનું ગોદડું અને પોતે પાળીના છાંયડામાં સરક્યા કરતાં અને અંતે પરસેવે રેબઝેબ થઈ જાય ત્યારે નીચે આવીને ફરી સૂઈ જતો.

આજે હજુ તો આછો આછો પ્રકાશ જ નીકળેલો, ઊંઘ તેની ચરમ અવસ્થામાં હતી, અને આ અવાજો કૂદી આવ્યા. ઓશીકું કાન પર દબાવીને તે ફરીથી મખમલી ઊંઘમાં સરી પડ્યો. એની આસપાસ ટક ટક ટક અવાજો આવવા લાગ્યા. ઊંઘ થોડી બગડી અને એટલામાં જ એક નાનો પથ્થર એના માથામાં વાગ્યો. ગુસ્સામાં એ બેઠો થઈ ગયો. પાળી પરથી ઘરના ફળિયામાં જોયું તો મા એક પથ્થરો નાખવાની તૈયારીમાં હતી. એનું ઊંઘરેટું મોઢું જોઈને મા બોલી,

જલદી હેઠે આવતો રે, મેં ચા મેલી દીધી છે. તારે વડીયા જાવાનું છે.

એ બોલ્યો 'અટાણમાં ?

માએ જવાબ આપ્યો

હા, જલદી કર તો આઠની બસમાં બેહી જવાશે.

કમને એણે ચાદર અને ઓશિકાને ગોદડામાં વીંટીને ફળિયામાં ઘા કર્યો અને છજ્જા પરથી દીવાલ પર કૂદીને નીચે આવ્યો. પથારીને લોખંડના પલંગની નીચે ઘુસાડીને ચોકડીમાં બ્રશ કર્યુ અને મોં ધોયું. બાથરૂમ જેટલા રસોડામાં બેસીને ચા પીતા વખતે માએ કહ્યું,

ચમન, તારા બાપુજીના બાળપણના ભાઈબન વનરાવનભાઈ ફોરેનથી આવ્યા છે ને પરમ દિવસે આપણા ઘરે આવવાના છે. કાગળમાં લખ્યું છે કે મગનાને કેજો ઘેર હાજર રે. ન્યા ફોન તો છે નહીં કે ફોન કરી દઈએ. તું જ આઠની લોકલમાં વ્યો જા, સમાચાર આપીને બપોરે તારા બાપુજી હારે ખાઈ લેજે. ઈ ભેળા આવે તો ઠીક, નકર સમાચાર આપીને વળતી બસમાં પાછો વ્યો આવજે.

તેણે વનરાવન કાકાની ભાઈબંધીના અનેક કિસ્સા બાપુજીના મોઢે સાંભળેલા. એને જૂનાગઢની ઢાળ વાળી શેરીઓમાં પોતાના બાપા અને વનરાવનકાકા ખભે દફતર લઈને નિહાળે જાતા હોય, વિલીન્ગડન ડેમમાં નાગડાપૂગડા ધુબાકા દેતા હોય એવાં દશ્યો દેખાવા લાગ્યાં. એને યાદ આવ્યું કે આ વનરાવનકાકો પેરિસમાં ચિત્રકાર છે. એના દિલોદિમાગ પર છવાયેલી ઊંઘના અંધારામાં એક ચમકારો થયો,

આ કાકો મારા સાટું કાંઇ લાવ્યો હોય એવું પણ બને ને?

બુઢ્ઢીના બાલ મોઢામાં જતાં જ જેમ ઓગળી જાય, એમ તેની ઊંઘ ઓગળી ગઈ. ફટાફટ હાથમોઢું ધોઈને કપડાં બદલીને એ તૈયાર થઈ ગયો. માએ વનરાવનકાકાનો પત્ર આપ્યો અને સાથે સાથે દસની નોટ આપીને કહ્યું,

જાવાની ટિકિટનાચાર, અને આવવાના ચાર, તોય બે વધશે, અને કારણ વના વાપરી નો ખાતો. તારા બાપુજી ભેળો ખાઈ લેજે. અને સાંજ થાય ઈ મોર પાછો આવી જાજે.

એણે પત્ર બેલબોટમના આગળના ખિસ્સામાં નાખ્યો અને દસની નોટ ઉપરના ખિસ્સામાં સાચવીને મૂકી. ઘરથી નીકળીને બાજુના ઘરમાં પાણી ભરી રહેલી રૂપાળી રાધા પર નજરોનું ત્રાટક કર્યુ, પરંતુ એ તો બેડા ગાગર ભરીને નીચું ઘાલી પોતાના ઘરમાં જતી રહી. ઊંડો નિઃસાસો નાખીને દર્દભરી ગઝલ ગણગણતો તે બસ સ્ટેન્ડ તરફ ચાલ્યો. ગલીમાંથી નીકળીને બસ સ્ટેન્ડ સુધીના રસ્તા પર આવેલી ગાંઠિયાવાળાની દુકાન પાસેથી પસાર થતાં તેને જીભ પર ગાંઠિયા સાથે સંભાર અને લીલા મરચાંનો સ્વાદ અનુભવાયો. તેને લાલચ થઈ આવી, પણ માત્ર બે રૂપિયાનો માર્જિન તેના પગને બસ સ્ટેન્ડ તરફ ઢસડી ગયો. બસ સ્ટેન્ડ પરના રિફ્રેશમેન્ટ સ્ટોલ પરથી નજર ફેરવી લઈને તે ઈન્કવાયરીની બારીએ ગળામાં રૂમાલ ભરાવી, ટેબલ પર પગ ચડાવીને બેઠેલા કન્ટ્રોલરને જોઈ રહ્યો. નીચે ઝૂકીને ઘોંઘાટ વચ્ચે સંભળાય એટલા ઊંચા અવાજે પૂછ્યું,વડીયાની લોકલ કેટલા વાગે છે? કયા પ્લેટફોર્મ ઉપર આવશે?

તેની સામે જોયા વગર જ કન્ટ્રોલર બેફિકરાઈથી માંડ સંભળાય એવા અવાજે બોલ્યો,

આઠ વાઈગે તઈણ નંબર ઉપર આવશે. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# દાઉદી વહોરા કોમનાં ધર્મવડાની અમરેલીમાં પધરામણી

**– દોલત ભટ્ટ**

અમરેલીનું આંગણુ આજ આનંદથી ઉભરાઈ રહ્યું છે, ચોક અને ચૌટા શણગારથી શોભી રહ્યાં છે, પચરંગી પતાકા ફરફરી રહ્યાં છે. કલામંડિત કમાનોથી દરવાજા દમામભર્યા દેખાઈ રહ્યાં છે.

બાબરા, ચિત્તલ, રાજુલા, ડેડાણ, જસદણ અને કુંકાવાવ કસબામાંથી દાઉદી વહોરા વેપારીઓ ઉમંગભેર ઉમટયા છે. સમસુદ્દીન ને સાલેહભાઈ, તૈયબભાઈને તાહેરભાઈ, સૈફુભાઈ અને બદરૂભાઈ, વલીભાઈ ને અલીભાઈ, આદમભાઈને અસગર ભાઈ, નુરભાઈ ને લુકમાનભાઈ એકબીજાને ભાવથી ભેટી રહ્યાં છે.

જરકસી કસબ અને સુવર્ણતારે ગૂંથાયેલી ટોપીઓ ઉગતા અરૂણનાં તેજમાં તરબોળ થઈને ઝગારા મારી રહી છે, બગલાંની પાંખ જેવા કુર્તા અને જામા દૂધિયા સરોવર જેવું રૂપ રચી રહ્યા છે. આમ વહોરા વેપારીઓ, કારીગરો અને કસબીઓની હકડેઠઠ હેડય બંધાઈ ગઈ છે.

વાત એમ બની છે કે એકધારા એક હજાર વરસથી દાઉદી કોમના ધરમનું વડપણ ભોગવતા વડામુલ્લાં સાહેબનાં પનોતા પગલાં પડવાની પળો ગણાઈ રહી છે.

ગાયકવાડી રાજસત્તાના સૂબા અને અમીર ઉમરાવ આવકાર આપવા ખડા છે. અમરેલીનું મોટું મહાજન પણ હારતોરા લઈને હાજર છે. સંપ અને શાંતિના ચાહનારા, પોતાના વેપારવણજમાં આગળ વધનારા, વાદવિવાદથી વેગળા રહેનારા વહોરા કોમના એકાવનમાં ધર્મવડાએ અમરેલીની ધરા પર પગ મૂકયો ત્યારે ઢોલ, ત્રાંસા અને શરણાઈનાં સૂરે શેરીઓ ભરાવા માંડી. ગુજરાતની ધરતી પરથી વિશ્વભરમાં વિસ્તરેલી વહોરા કોમની ગાદીનું પહેલું વડું મથક સિદ્ધપુરમાં સ્થાપિત થયું હતું. તે પછી તેને અમદાવાદ ખાતે ફેરવવામાં આવ્યું હતું. જયાં ૯૦ વરસ સુધી એકધારી ગાદી રહી હતી. રાજવંશમાંથી ઉતરી આવેલા બદ્રી ખાનદાનમાં ધર્મગાદી આવતાં તે ધર્મગુરુએ અમદાવાદને બદલે મુખ્ય ગાદીનાં મુખ્ય મથક તરીકે એટલે કે વડામથકને જામનગર ખાતે ઠેરવ્યું, જયાં ૮૫ વરસ સુધી રહ્યું હતું. તે દરમ્યાન ગાદી પર આવેલા ધર્મગુરૂઓએ દેશી રજવાડાઓમાં ઉચકોટીનાં માન–પાન મેળવ્યાં હતાં.ત્યારબાદ ઉજજૈનમાં ગાદી નક્કી કરવામાં આવી, જયાં ૪૨ વરસ ગાદી રહી હતી. તે પછી સૈયદનાં ઉકીઉદ્દીન સાહેબ કે જેઓ જામનગરનાં વતની હતા. તેમણે બુરહાનપુરમાં ગાદીનું વડુમથક રાખ્યું. ત્યારબાદ તેમના વારસદાર સૈયદનાં યુસુફ નજમુદ્દીન સાહેબે હીજરી સને ૧૨૦૧ સુરત શહેરમાં વડુ મથક નક્કી કર્યુ ત્યારથી આજ સુધી રહ્યું.

હાલનાં વડા મુલ્લાજી સાહેબે પોતાના બાવાજી જેઓ વિદ્વતામાં અજોડ ગણાતા હતા અને ધાર્મિક કિતાબો પોતે જ લખતા હતા, તેમની પાસેથી જ્ઞાનનો અણખૂટ ખજાનો પ્રાપ્ત કર્યો હતો. તેમના બાવાજી વડા મુલ્લા સાહેબ સૈયદનાં બદરૂદ્દીન સાહેબ જન્નતનશીન થતાં તેઓ ગાદી પર આવ્યા હતા. ત્યારે સુરતનાં સૈફી દરેસમનાં દીવાનખંડમાં ગાદી નશીનની વિધિ કરવામાં આવી હતી. તે પાવક પ્રસંગે મુંબઈ, અમદાવાદ, સિદ્ધપુર, કપડવંજ, દાહોદ, લુણાવાડા અને છેક જામનગરથી વહોરા ગૃહસ્થોની હાજરી હતી. શેઠ હૈદરઅલી દીવાનજીએ મુબારક બાદીના કસીદા પઢયા હતાં.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

આવા મુલ્લા સાહેબને અમરેલીનાં આંગણે આવવાનું આમંત્રણ આપનાર શેઠ ઈબ્રાહીમ મીઠાવાળા હતા. એંશી વરસમાં આ પહેલો પ્રસંગ હતો કે વડા મુલ્લાજીનું આગમન થયું હતું.

અમરેલીની જમાતમાં પડેલા તડાને મુલ્લા સાહેબે સાંધીને સંપનું વાતાવરણ પેદા કરી આપી સૌનો પ્યાર પ્રાપ્ત કર્યો અને કન્યાવિક્રયની બંધી ફરમાવી તેના પર સખત જાપ્તો બેસાડવાનો પક્કો બંદોબસ્ત કર્યો. આમ ધાર્મિક અને સામાજિક સુધારાને અમલમાં મુકાવતા વડા મુલ્લાજી પોતાને અપાયેલા ઉતારામાં આરામ કરી રહ્યાં છે. ત્યાં તો ચારે બાજુથી બોકાસા બોલાવા લાગ્યા, આગ, આગ, ઠારો, ઠારો. હારબંધ મકાનો અને ઘરવખરીને અહિયાં કરતી આગ સડસડાટ આગળ વધવા માંડી. જોતજોતામાં જવાળાઓ જાણે આભને અડવા લાગી.વડા મુલ્લાજીનો જયાં ઉતારો હતો તે મકાનને આંબુ આંબુ થવા લાગી. લોક બધુ હડીઆપટીએ ચડયું ને રીડિયારમણ બોલાવા માંડેલી. સૌ હાંફળાફાંફળા થઈને ઉતારે દોડી આવ્યા. વડા મુલ્લા સાહેબને અરજ ગુજારવા લાગ્યા કે આપનો ઉતારો ફેરવો. આ આગ કોઈથી રોકી રોકાય એમ નથી. ભડકેભડકા બળે છે.

જેના દિલમાં ધીર–ગંભીર ધીરજ ધરબાયેલી હતી, એવા ધર્મગુરૂએ જરાય થડકયા વગર ધીરજથી કહ્યું, ' એક પાણીનોઘડો લાવો.' પણ સાહેબ, પહેલાં સલામત સ્થળે પધારો. પછી બધી વાત. સૌની એક આંખ લબકારા લેતી આગ પર હતી. અને બીજી આંખ પોતાના પ્રાણથીય પ્યારા ગુરુ પર હતી. બોલનારાનાં વેણને હીઝહોલીનેસે એટલી ધીરજથી ફરી કાને ધર્યા. પોતાની માંગણીને દોહરાવતા કહ્યું : 'તમે ચિંતા છોડો અને પાણીનો ઘડો લાવો.' જેની આંખમાં અલ્લાતાલાનું નૂર નીતરી રહ્યું છે એવા દાઈ સામે પલકવારમાં પાણીનો ઘડો હાજર થયો. મુલ્લાં સાહેબે તેમં ફૂંક મારી ફરમાન કર્યુ કે, 'આગ પર આ પાણી છાંટો.'દાઈનો પડયો બોલ ઝિલાયો. ફરમાનનો અમલ તુરત કરાયો. પાણીનો છંટકાવ થતાંની સાથે જ આંખના પલકારામાં આગ આગળ વધતી અટકી અને બુઝાવા માંડી. આ તાજુબીથી હેરત પામી અમરેલીનાં હિન્દુ કવિઓએ વડા મુલ્લાજીના ગીતો રચીને ગાયા.

હીઝહોલીનેસ સરદાર સૈયદનાં વ. મૌલાના તાહેર સૈફુદ્દીન સાહેબે આગમાં તારાજ થયેલા તમામને મદદ કરી, ખરા ધર્મગુરુનો ગુણ દાખવ્યો ત્યારે અમરેલીની આલમ વાહ વાહ પોકારી ઉઠી હતી.(આ બનાવ ઈ.સ. ૧૯૧૬માં બન્યો હતો.) **(ક્રમશઃ)**

# હસવાની મનાઈ છે

(૧) દીનુ : યાર આ વખતે તને કઈ 'બર્થ ડે ગિફટ સ.થી વધે ગમી ?

ટીકુ : મને સૌથી વધુ પીપીડુ ગમ્યું.


દીનુ મને સમજાતુ નથી કે આટલી બધી સારી સારી ગિફટ બાજુએ મૂકીને તેને પીપૂડુ કેમ ગમ્યુ :

ટિકુ : એટલા માટે કે પીપૂડુ નહી વાગવાના પપ્પા મને દરરોજ પાંચ રૂપિયા આપે છે.

– ક્રિષ્ના આર. સોરઠીયા, રાજકોટ

(૨) દર્દી : ડોકટર સાહેબ, હું બધું ભૂલી જાઉ છું

ડોકટર : ચિંતા ન કરો, અહી



ખુરશી પર બેસો

(ખુરશીમાં બેસે છે)

ડોકટર : હવે કહો આ તકલીફ તમને કયારથી છે.

દર્દી : કઈ તકલીફ

– વાળા ખુશી પી. અમરેલી.

(૩) એક અભિમાની ધનાઢય મિત્રને તેનો ગરીબ મિત્ર વર્ષો બાદ મળ્યો અને પૂછયું 'તેં મને ઓળખ્યો ?'

ધનાઢય મિત્રને જવાબ આપ્યો કે, હું ગધેડાઓને નથી ઓળખતો'' આનો જવાબમાં ગરીબ મિત્ર કધહ્યું

'પરંતુ હું તો ઓળખું છું ને.

– અંજના પી. ગૌસ્વામી, જામનગર

(૪) એક બહેન આખો દિવસ રાડા–રાડ કરતા હતા તો તેમના પતિએ તેમને આમ બૂમો પાડવાનું કારણ પૂછયું : આનાથી દુઃખી થઈ તે બહેને જવાબ આપ્યો,

''બૂમો ન પાડું તો શું કરું ? મારી પુત્રી 'મિસ ઈન્ડિયા' થઈ છે ત્યારથી આડોશી–પાડોશી મને 'મધર ઈન્ડિયા'

કહીને બોલાવવા લાગ્યા છે.

– પ્રિયંકા કે કાનપરીયા, મુંબઈ

# શૈશવ આંચકી ન લેશો




**– ગિજુભાઈ ભરાડ**

બાળકનો સૌથી પહેલો અધિકાર એનાં શૈશવ ઉપર છે અને એ આપણે આંચકી લેવું ન જોઈએ. એની ઈચ્છા પ્રમાણે એને એક સાથે અનેક કામ કરવાની ઝંખના હોય છે. એની ભીતર છુપાયેલી શકિતનો ધોધ એને ઘોડિયામાં પણ શાંતિથી જંપવા દેતો નથી. એટલે સતત એ આસપાસનાં સાધનોને તથા વાતાવરણને પોતાની સર્વજ્ઞાનેન્દ્રિયો દ્વારા આત્મસાત કરવાની કોશિષ કરે છે. એ કોશિષમાં આપણે એની સાથે રહેવાનું છે અને એના પ્રયત્નોને સરળ અને સુગમ બનાવવાનાં છે. ઘણીવાર આપણા મનમાં બાળવિકાસ અંગેની પૂર્વનિશ્ચિત જે ઘરેડ હોય છે તેમાં એને ઢાળવાના પ્રયત્નોમાં પૃથ્વી પર અવતરેલા એક નવજાત રોમાંચની ડોક મરડાઈ જાય છે. અનેક લોકો પુખ્ત થયા પછી પણ હતપ્રભ કે બાઘાછાપ મુદ્રામાં જોવા મળે છે એની પાછળનું કારણ શૈશવ કાળે એના ઘટનાં ઘડુલામાં પડી ગયેલા ઘોબા હોય છે. માતા–પિતાએ એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે એકાએક જ કોઈ પ્રકારનો આઘાત બાળ માનસની અત્યંત સંવેદનશીલ સપાટી પર તરંગો ન જન્માવે અને એના શાંત જળમાં ક્રમશઃ અનુભૂતિનાં કમળ ખીલવા દે.

# ગ્રહોની સહેલ

વિનય બે દિવસ થયા ઉદાસ હતો. ગણિત તેને બહુ ગમતું અને તેનાં સારા માર્કસ પણ આવતા. જયારે સામાજિક વિજ્ઞાન તેનાં માટે કંટાળાજનક વિષય હતો.

ઘણી મહેનત કરવા છતાં તે સામાજિક વિજ્ઞાનમાં આવતી ઘટનાઓની તવારીખ યાદ રાખી શકતો નહી. તેમાંય ગ્રહો વિશેની માહિતી તેને યાદ રહેતી નહીં.

સુર્યમંડળમાં કેટલા ગ્રહો છે તે તો તેને ખબર જ હતી પણ સુર્યમંડળમાં કયો ગ્રહ મોટો છે ? કયો ગ્રહ નાનો છે ? તેનું સ્થાન કેટલામું છે ? વગેરે બાબતો પ્રયત્નપુર્વક યાદ કરવા છતાં તે ગુંચવાઈ જ જતો.

આજે રાત્રે પણ તે ઉદાસ થઈને સુતો હતો. ત્યાં તો એને એક વિચિત્ર વ્યકિત દેખાઈ. તેનાં માથે એન્ટેનાં હતું. અને રોબોટ જેવો દેખાવ હતો.

વિનય તેને જોઈને ડરી ગયો.

''તું ડર નહી. હું પરગ્રહવાસી છું. મારૂં નામ એલિયન છે. હું કયારેક પૃથ્વી પર રાત્રે ફરવા આવું છું. તેને ઉદાસ જોઈને તારી પાસે આવ્યો છું.'' એલિયન બોલ્યો.

વિનયની બીક ઉડી ગઈ. તે કહે, ''હું સુર્યમંડળનાં ગ્રહો વિશે યાદ રાખી શકતો નથી. આથી હું ઉદાસ છું. પરીક્ષામાં મારે લખવું શું ?''

''તું કશી ચિંતા કરતો નહી. હું તને સુર્યમંડળનાં બધા ગ્રહોની સફર કરાવું છું. અને તેનો પરિચય કરાવું છું. આથી તને સરળતાથી યાદ રહી જશે. મારી પાસે એવું રોકેટ છે કે એક મિનિટમાં એક ગ્રહ પરથી બીજા ગ્રહ પાસે જઈ શકાય.'' એલિયન બોલ્યો.


વિનય તો હવે રાજી રાજી થઈ ગયો. તે ગ્રહોની સફર કરવા ઉત્સુક બન્યો.

બંને રોકેટમાં બેસીને સૌપ્રથમ બુધ ગ્રહ ઉપર પહોંચ્યા. એલિયને કહયું કે બુધ સુર્યની સૌથી નજીકનો ગ્રહ છે. અને સૌથી નાનો ગ્રહ છે.

બુધ ગ્રહને જોઈને આગળ જતા હતા ત્યાં રસ્તામાં દુર કંઈક ચમકતું હોય તેવું દેખાયું.

વિનયે એલિયનને કહયું કે, આ દુર ચમકતું શું દેખાય છે. ?

એલિયને કહયું કે એ શુક્રનો ગ્રહ છે. બંને શુક્રના ગ્રહ પર




ગયા. એલિયને વિસ્તારથી સમજાવતાં કહયું કે સુર્યમંડળનો આ બીજો ગ્રહ છે. તે સૌથી તેજસ્વી ગ્રહ છે. તેનું બાહ્ય વાતાવરણ કાર્બન ડાયોકસાઈડનાં સફેદ વાદળોનું બનેલું છે.


વિનય અને એલિયન નીચે જુએ છે તો તો તેમને પૃથ્વી દેખાય.

વિનય એલિયનને કહે : ''નીચે પૃથ્વી છે. હું તેને સારી રીતે જાણું છું. પૃથ્વી એ સુર્યમંડળનો ગ્રહ જ છે. જમીન ધરાવતો તે સૌથી મોટો ગ્રહ ।છે. એલિયન બીજા ગ્રહ ઉપર આવી જમીન આવેલી છે ?'' વિનયે ઉત્સુકતાથી પ્રશ્ન પુછયો.

''તે બુધ અને શુક્ર ગ્રહ તો જોયા.હવે બાકીનાં ગ્રહો જોઈ લઈએ. આથી તને તારા પ્રશ્નનો જવાબ મળી જશે.''

હવે તેઓ મંગળ ગ્રહ પર ગયા.... ''સુર્ય મંડળનો આ ચોથો ગ્રહ છે. અને અહીં જીવન હોવાથી સંભાવના પણ નથી.'' એલિયન બોલ્યો. **(ક્રમશઃ)**

**બાલમિત્રો,**



પતંગોત્સવનો આનંદ માળ્યો. મોજ કરી, એના આનંદની વાત તમે તમારા મિત્રો સાથે શેર કરશો ? સંક્રાંતિ વિશે નોંધ–નિબંધ લખી મોકલશો. બાલ એકસપ્રેસમાં છાપીશું.

બાલમિત્રો, આપણા દરેક પર્વો આપણને કંઈકને કંઈક શીખ, બોધ, આપે છે એટલે તો તેનું મહત્વ છે. જીવનમાં દીપ પ્રગટાવવાનું દિવાળી કહે છે. નવા ધાન્યને મનાવવાનું કામ હોળી–ધૂળેટી કરે છે. ધૂળેટી તો કોને ન ગમે ? સુખ–દુઃખ, માન–અપમાન ભૂલી બધાની સાથે ગમતાનો ગુલાલ કરવાનુ કહે છે. જીવનમાં ઉંચે ઉઠવાનું, પ્રગતિ કરવાનું, ગગન પકડવાનું પતંગ શીખવે છે. ઈશ્વરનું અસ્તિત્વ માની શકીએ, સ્વીકારી શકીએ એ માટે ધાર્મિક ઉત્સવો ઉજવાય છે. રામનવમી, કૃષ્ણાષ્ટમી, શીતળા સાતમ, હોળી વિગેરે ઉત્સવો છે. રાષ્ટ્ર માટે, પ્રેમ, એકતા, સંગઠન રાખવાનું રાષ્ટ્રીય પર્વો શીખવે છે. આવો પતંગ વિશે એક ગીત ડો. ભારતીબેન બોરડનું ગાઈએ...

એ...એ... આવ્યો, એ... એ... આવ્યો,<br>
રંગબેરંગી પતંગ સાથે, ઉમંગ ઝાઝો લાવ્યો,<br>
બોર, શેરડી, ખજૂર સાથે, લીલી ઝાંઝરા લાવ્યો,<br>
એ...એ... આવ્યો, તહેવાર પતંગિયાઓ આવ્યા,<br>
એ... એ... આવ્યો, મોજીલો અવસર લાવ્યો,



આવું જોડકણુ તમે બનાવીને મોકલશો તો તમારા નામે છાપીશું.

# અકબરી લોટાએ કમાલ કરી ! (હાસ્યકથા)

કાશીની મુખ્ય બજારમાં જ મકાન ધરાવતા લાલા જાઉલાલને ખાવા–પીવાના ખર્ચની ખોટ નહોતી. તેઓ ઉપલા માળે રહેતા અને નીચેની દુકાનોનું જૂના જમાનામાં રૂા. ૧૦૦ ભાડું આવતું હતું. તેમાં બંને માણસનો જીવન–નિર્વાહ ચાલતો હતો.

એક દિવસ તેમની પત્નીએ એકીસાથે અઢીસો રૂપીયાની માંગણી કરી, જેનાથી લાલાજી નર્વસ થઈ ગયો. તેની દશા જોઈને તેની પત્નીએ કહ્યું, 'ગભરાવ નહીં, તમારી ત્રેવડ ન હોય તો હું મારા ભાઈ પાસેથી લઈ આવીશ!'

આ મીઠાં મારથી લાલા સમસમી ઊઠયા અને રોષ સાથે કહ્યું, 'અઢીસો રૂપિયા માટે તારા ભાઈ પાસે ભીખ ન માંગતી, હું આપીશ.'

પત્ની બોલી, 'પણ મારે આ ભવમાં જ જોઈએ!'

લાલાજીએ કહ્યું, 'આ સપ્તાહમાં જ લઈ લેજે.' પત્નીએ પૂછયું, 'આ મર્દની જબાન છે?' લાલાજીએ કહ્યું, 'આજથી સાતમા દિવસે અઢીસો રૂા.

આપીશ.'

જેમતેમ કરી લાલાજીના પાંચ દિવસ વીતી ગયા, પણ કોઈ પ્રબંધ ન થઈ શકયો.

છઠ્ઠે દિવસે ગભરાઈને લાલાજીએ તેના મિત્ર પંડિત વ્રજવાસીને વિપદા સંભળાવી, પણ સંજોગ એવા હતા કે પંડિતજી પણ ત્યારે સાવ લુખ્ખા હતા. છતાં આશ્વાસન આપતાં કહ્યું, 'પૈસાનો જોગ થશે તો હું કાલ સાંજે મળીશ.'

અને એ સાંજ આવી પહોંચી. સપ્તાહનો અંતિમદિવસ હતો. લાલાજી અગાસી પર ટહેલી રહ્યા હતા. ચિંતાથી ગળું સુકાઈ રહ્યું હતું. તેણે પાણી માટે અવાજ દીધો અને તેની પત્ની પાણી લઈને આવી, પણ ગ્લાસ લાવતા ભૂલી ગઈ. બશેરીયા લોટામાં પાણી લઈને



આવી અને લોટો પણ જુનો–પુરાણો ઘોબાવાળો હતો જે લાલાજીને બિલકુલ પંસદ નહોતો.

લાલાજી ગુસ્સો દબાવી પાણી પીવા લાગ્યા, ત્યારે તે છતની પાળી પાસે ઊભા હતા. જયાં બે 'ઘુંટડા પાણી પીધું ત્યાં લોટો હાથમાંથી છૂટી ગયો. લોટાએ ન જમણી બાજુ જોયું, ન ડાબી બાજુએ! તે તો ન્યુટનના નિયમને માન આપતો ઉલ્કાના વેગથી આંખોથી ઓજસ થઈ ગયો.

લાલાજીને ચિંતા થઈ કે કોઈ પર કાશી–વાસનો સંદેશો લઈને પડયો નહીં હોય ને? હાંફળા ફાંફળા દોડતા લાલાજી નીચે ઉતર્યા અને જોયું તો, એક ટોળું ભેગું થઈ ગયું છે. એ ભીડમાં મુખ્ય પાત્ર એક અંગ્રેજ છે જે આખો ભીંજાયેલો છે. આ અંગ્રેજ સાથેનું ટોળું લાલાજીનાં આંગણામાં ઘૂસી ગયું.

પેલો અંગ્રેજ હાથથી પગના એક પંજાને પંપાળી રહ્યો છે અને એક પગે નાચી રહ્યો છે. તેની પાસે પેલા અપરાધી લોટાને જોઈને લાલાજી તુરંત સ્થિતિને પામી ગયા અને બે હાથ જોડી માફી માગવા લાગ્યા.

લોટો ગલીમાં પડતાં પહેલાં, દુકાનનાં સાઈનબોર્ડ સાથે અથડાઈનેદુકાને ઊભેલા અંગ્રેજને સ્નાન કરાવીને તેનાં પગ પર પડયો. હિન્દુસ્તાની લોટો પણ આખરે ત્યાં જઈને પડયો કે જયાં હિન્દુસ્તાની આદમી પડયા કરે છે.

અંગ્રેજને ખબર પડી કે લાલાજી આ લોટાના માલિક છે ત્યારે તેણે પોતાનું મોઢું ખુલ્લું મૂકી દીધું અને લાલાજીને ખબર પડી કે અંગ્રેજી ભાષામાં પણ ગાળોનો આવો પ્રવાહ હોય છે !

આજ સમયે પંડિત વ્રજવાસી આવી પહોંચ્યા. આવીને પહેલું કામ તેણે આંગણામાંથી અંગ્રેજ સિવાય બીજાઓને બહાર કાઢવાનું કર્યુ અને અંગ્રેજને કહ્યું, ' સાહેબ, તમારા પગમાં વાગ્યું છે, આપ આરામથી ખુરશી પર બેસો.' સાહેબે પંડિતજીને પૂછ્યું, 'હવે શું કરવું? '

પંડિતજીએ કહ્યું, પોલીસમાં રિપોર્ટ કરી દો જેથી આ લાલાજીની ધરપકડ થાય. સાહેબે કહ્યું, તો ચાલો, મારી સાથે. પંડિતજીએ કહ્યું, હું આવવા તૈયાર છું પણ જો આપ રજા આપો તો, આ લોટો હું લાલાજી પાસેથી ખરીદવા માગું છું, કેમ લાલાજી, લોટો વેચવો છે ? પચાસ રૂપિયા આપીશ. પંડિતજીએ પૂછ્યું.

લાલાજી ચૂપ રહ્યા, આથી સાહેબે પંડિતજીને પૂછયું, આવા જૂના લોટાના પચાસ રૂા. શા માટે આપો છો ? ૧૦ પંડિતજીએ સાહેબના કાન પાસે જઈને ધીરા અવાજે કહ્યું,

સાહેબ આ પ્રસિદ્ધ ઐતિહાસિક અકબરી લોટો છે. જેની તલાશમાં સંસારભર નામ્યુઝિયમ પરેશાન છે. સાહેબે કહ્યું, 'શું વાત છે ?' **(ક્રમશઃ)**

# વિચાર શકિતનું તત્વજ્ઞાન

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૫. જ્ઞાન ને ભકિત માર્ગે સંકલ્પશુદ્ધિ**

એકાંત સ્થાનમાં બેસો અને તમારા સંકલ્પોને ધ્યાનપૂર્વક તપાસો. વાંદરા જેવા ચંચળ મનને થોડો સમય માટે પોતાની રીતે કૂદવા દો. ત્યારબાદ તે પોતાની મેળે ઢીલું પડી શાંત થશે. વિવિધ સંકલ્પોરૂપી ખેલાડીઓનાં શાશ્વત સરકસ જેવા ખેલમાં માત્ર સાક્ષીરૂપ બનો. માનસિક ચલચિત્રનાં માત્ર દ્રષ્ટા બનો.

વિચારો સાથે એકરૂપ બની જાઓ નહિ, તેમના પ્રત્યે ઉપેક્ષા સેવો. આથી એક પછી એક વિચારો નાશ પામશે. જેવી રીતે યુદ્ધભૂમિ પર યોદ્ધો પોતાનાં દુશ્મનોને એક એક કરીને કાપી નાખે છે તેવી જ રીતે તમે તમારા વિચારોને એક એક કરીને છૂટા પાડીને કાપી શકો છો.

''ૐ હું સાક્ષી છું. હું કોણ છું ? હું સંકલ્પહીન આત્મા છું. મારે આ અસત્ય માનસિક ચિત્રો અને કલ્પનાઓ સાથે કંઈ લેવાદેવા નથી, તેમને ગબડવા દો. મારે તેમની સાથે કંઈ સંબંધ નથી.'' આથી બધા વિચારો નાશ પામશે, અને મન પણ ઘી વિનાના દીવા જેમ બુઝાઈ જશે.

મનને શ્રી હરિ, ભગવાન શિવ કે કૃષ્ણ, તમારા ગુરુ અથવા ભગવાન બુદ્ધ કે જીસસ જેવા કોઈ સંત પર સ્થિર કરો. વારંવાર તે મૂર્તિનું માનસિક ચિત્ર ખડું કરો. આથી બધા વિચારો નાશ પામશે. આ બીજી યુકિત ભકતોની છે.

**૬. મનની સંકલ્પશાંતિ માટે યોગસાધના**

શાંતિથી બેસોને વિવેકશીલ બનો. વિચાર કરનાર મનરૂપી તત્વથી અને તેનાં સંકલ્પોથી તમારી જાતને અલગ કરો.તમારી જાતને સૌથી અંદરનાં તત્વ એવા આત્મા સાથે એકરૂપ કરો અને શાંત સાક્ષી તરીકે અલગ ઉભા રહો. ધીમે ધીમે બધા સંકલ્પો પોતાની મેળે નાશ પામશે. આથી તમે પરબ્રહ્મ સાથે એકરૂપ બનશો.

મનની શાંતિ માટેની આ સાધના ચાલુ રાખો. મનોનાશ માટે ખરેખર સતત પરિશ્રમ આવશ્યક છે.તમારે પ્રથમ વાસનાનો નાશ કરવો જોઈએ. ત્યાર જ તમે મનની શાંતિ માટેની સાધના પૂરેપૂરી શકિતથી કરી શકશો. વાસનાક્ષય કર્યા વિના મનની શાંતિ કે મનોનાશ સંભવિત નથી.

**૭. યોગસાધના દ્વારા મિત્રોની પ્રાપ્તિ**

''મિત્રો સાધો અને તેનાં દ્વારા લોકો પર અસર કરો.'' આ ડેલ કાર્નેગીનો સિદ્ધાંત એ તો પ્રાચીન ભારતનાં અધ્યાત્મ મનોવિજ્ઞાનનાં ગ્રંથનાં માત્ર એક પાના બરાબર છે. યોગસાધના કરો અને આખી દુનિયા તમને પૂજશે. આથી અજ્ઞાત રીતે આખી દુનિયા તમારા પ્રત્યે આકર્ષાશે, દેવતાઓ પણ તમારા બોલાવ્યા હાજર થશે. અરે ! જંગલી પશુઓ અને ઘાતકી પ્રાણીઓ પણ તમારા મિત્રો બનશે. બધાની સેવા કરો. બધાને ચાહો. સંકલ્પશકિત પર નિયમન મેળવી રાજયોગની સાધના દ્વારા તમારી આંતરશકિતનો વિકાસ કરો.

યોગસાધના દ્વારા તમે આખી મનુષ્યજાતિ અને બધાં જીવતાં પ્રાણીઓને તમારા પોતાનાં કુટુંબી બનાવી શકો. યોગ દ્વારા તમે બધી મુશ્કેલીઓની પાર થઈ શકો અને બધી નિર્બળતાને દૂર કરી શકો.યોગસાધના દ્વારા દુ:ખને સુખમાં, મૃત્યુને અમરતમાં, શોકને આનંદમાં, નિષ્ફળતાને સફળતામાં અને માંદગીને સંપૂર્ણ આરોગ્યમાં પલટાવી શકાય. માટે ઉત્સાહપૂર્વક યોગસાધના કરો. **(ક્રમશ:)**

# ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા

**(ગયા અંકનું ચાલુ)**

૧૯૪૯માં લખનો યુનિવર્સિટીએ પણ પીએચ.ડી.ની માનદ પદવી આપી હતી. ૧૯૫૮માં અલ્હાબાદ યુનિવર્સિટીએ તથા ૧૯૫૯માં કેમ્બ્રિજ દ્વારા ૧૯૬૦માં લંડન યુનિવર્સિટીએ પણ એમને ડી.એસી.ની માનદ પદવી આપી હતી. આ ઉપરાંત ૧૯૪૮માં હોપકીન્સ પ્રાઈઝ તથા ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણનો ઈલ્કાબ મળ્યો હતો. ૧૯૬૧માં ભારતમાં શ્રેષ્ઠ વિજ્ઞાન સિદ્ધિ માટેનો મેઘનાદ સહા સુવર્ણચંદ્રક એમને આપવામાં આવેલો. ૧૯૬૪માં મેલ્ચેડ એવોર્ડ પણ તેમને મળ્યો હતો. જોકે આ બધું ડો.હોમી ભાભા જાણીતા બન્યા એટલે આવી પડેલું હતું. ઈનામો અને પદવીઓનાં તેઓ ભૂખ્યા ન હતા. આર્થિક લાભની તો તેમને કશી જ પડી ન હતી.


**વિમાન તૂટી પડતાં ભાભાનું મૃત્યું :**





૧૯૬૬માં જીનિવા ખાતેની આંતરરાષ્ટ્રીય અણુપંચની કારોબારીની બેઠક બોલાવવામાં આવી હતી. ભાભા અગત્યનાં કામમાં રોકાયેલા હોવાથી તેઓ જાન્યુઆરી માસમાં યોજાનારી આ બેઠકમાં ભાગ ના લે તેવું નકકી જ હતું. પરંતુ દેશનાં પ્રતિનિધિ તરીકે હાજર રહેવાથી દેશને લાભ થશે એવું માનીને ભાભાએ જીનિવા જવાનું સ્વીકારી લીધું.

કાંચનજંઘા નામનાં બોઈંગ ૭૦૭ વિમાનમાં ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ને રવિવારની રાત્રે જીનિવા જવા બેઠા, આલ્પ્સની પર્વતમાળા પાસે ભયંકર ધડાકા સાથે માઉન્ટ બ્લાન્ક સ્થળથી થોડે આગળ ભારતીય વિમાન તૂટી પડયું. વિમાનમાં ૧૧૬ માનવીઓ હતા, જેમાં આપણા અણુવૈજ્ઞાનિક ડો.હોમી ભાભા પણ હતા. ભારતમાં આ સમાચાર મળ્યા ત્યારે એટલે જાણે કે ધરતીકંપ થયો હોય એમ દેશ આખો સ્તબ્ધ થઈ ગયો. દેશનાં અણું કાર્યક્રમને જાણે કે મૂર્છા આવી ગઈ.ભાભાને જયારે પણ જીનિવા જવાનું થતું ત્યારે આલ્પ્સની પર્વતમાળાનાં કુદરતી સૌદર્યને વિમાનમાંથી નિરખવું ખુબ જ ગમતું હતું. કયારેક મિત્રો ભેગા થયા હોય ને પ્રવાસની વાત નીકળે ત્યારે આલ્પ્સની સુંદરતાનાં વખાણ કરતા થાકતા નહી. છેવટે જે સ્થળ ખુબ ગમતું હતું એ જ સ્થળ એમની કબર બની ગયું.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. સર્વ પાપનું મૂળ વાણીદોષ છે.
૨. જેનું જીવન નિષ્પાપ હોય તેને જ શાંતિ મળે છે.
૩. બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપાર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો.
૪. મનુષ્ય શરીરમાં નવ છિદ્રો છે, તે વાટે જીવ બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળો.
૫. કાયા, વાણી મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે વિના કારણે હૈયુંબાળે તે આપઘાત કરે છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે.
૬. ચિત્તશુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી.
૭. જેનું મન મેલું છે તેને પરમાત્માનો અનુભવ થતો નથી.
૮. જ્ઞાન ટકતું નથી તેનું એક કારણ છે. મનુષ્યનું જીવન વિલાસી બન્યું છે.
૯. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુપ્રેમમાં પરમાત્માની પાછળ જે પડે તે સંત.
૧૦. મન શુદ્ધ થાય એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

૧. બિરલા મંદિર કયાં આવેલું છે ?
– દિલ્લી
૨. મહાત્મા ગાંધીનો જન્મ કયાં થયો હતો ?
– પોરબંદર(ગુજરાત)
૩. ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ કયાં થયો હતો ?
– મથુરા(ઉત્તરપ્રદેશ)
૪. પ્રસિધ્ધ અરવિંદ આશ્રમ કયાં આવેલો છે ?
– પોડુચેરી
૫. પ્રખ્યાત લાલ કિલ્લો કયાં આવેલો છે ?
– દિલ્લી
૬.મહાત્મા ગાંધીનું સમાધિ સ્થળ કયાં નામે ઓળખાય છે ?
– રાજઘાટ
૭. લાલ બહાદુર શાસ્ત્રીનું સમાધિ સ્થળ કયાં નામે ઓળખાય છે ?
– વિજયઘાટ
૮. કનૈયાલાલ મુનશીએ કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?
– ભારતીય વિદ્યાપીઠ
૯. ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ કયાં નામે ઓળખાય છે ?
– શકિત સ્થળ
૧૦. સ્વતંત્ર ભારતનાં સૌપ્રથમ ગવર્નર જનલ કોણ હતા ?
– લોર્ડ લૂઈ માઉન્ટ બેટન

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## વા વા વંટોળીયા !

કાળો ઉનાળો આકરા પાણીએ હોય, ત્યારે કેટલાક એ.સી. કમરામાં પડયા પડયા ગ્રીષ્મને ગાળો દેતા રહે છે અને દરેક ઋતુમાં હેરાન–પરેશાન રહ્યાં કરે છે.

ઉનાળાની આગઝરતી લૂ માણી શકે, તે જ શિયાળાની હાડ સોંસરવી જતી ઠંડીની મોજ માણે ને વર્ષા–ફુવારીનો આનંદ લૂંટી શકે. નાનપણમાં એક કવિતા લલકારતા–

'ધોમ ધખેલો, આભ તપેલો,
ગરમી તણી ગાર લીંપેલો,
હાં રે અમે ઉની ઉની લૂ મહીં
નાતા'તા... વા વા વંટોળિયા..

વાયરા વન વગડામાં વાતા'તા..(આનું અંગ્રેજી થાય ?)

# શીંગબાજ મુનીયા



શીંગબાજ અથવા સ્કેલી–બ્રેસ્ટેડ મુનિયા અથવા સ્પોટેડ મુનિયા(લોન્ચુરા પંકટુલાટા) અને પાળેલા પ્રાણીઓનાં વેપારમાં જાયફર મેનિકીન અથવા મસાલા ફિન્સ તરીકે ઓળખાય છે. તે ઉષ્ણકટિબંધીય એશિયામાં જોવા મળતું ચકલીના કદનું દાણા ચણતાં પંખીના કુળમાં સમાયેલ પંખી છે. તેનું નામ છાતિ અને પેટ પર અલગ સ્કેલ જેવા પીંછાઓનાં નિશાન પર આધારિત છે. પુષ્પ પંખી ઉપરનાં ભાગે ઘેરા તજીયા રંગનું હોય છે અને તેની ચાંચ શંકુ આકારની અને ઘેરા રાખોડી રંગની હોય છે આ પ્રજાતિ તેની શ્રેણી કદ અને રંગમાં અલગ અલગ હોય એવી ૧૧ પેટાજાતિઓ ધરાવે છે.

આ મુનિયા રસ ઝરતાં ફળો ઉપરાંત મુખ્યત્વે ઘાસનાં બીજા અને અનાજનાં દાણા ચણે છે. તેઓ મોટેભાગે ટોળામાં ચણતા જોવા મળે છે. ચણવા દરમ્યાન તેઓ નરમ અવાજો અને સિસોટીઓ સાથે એકમેક સાથે વાતચીત કરતા જોવા મળે છે. આ પ્રજાતિ ખૂબ જ સામાજિક છે અને કેટલીકવાર મુનિયા અન્ય પ્રજાતિઓ સાથે રહે છે. આ પ્રજાતિ ઉષ્ણકટિબંધીય મેદાનો અને ઘાસના મેદાનોમાં જોવા મળે છે. સંવર્ધન જોડી ઘાસ અથવા વાંસનાં પાંદડાઓનો ઉપયોગ કરીને ગુંબજ આકારનાં માળાઓ બનાવે છે.

આ પ્રજાતિ એશિયામાં સ્થાનિક છે અને ભારત અને શ્રીલંકાની પૂર્વથી ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ(જયાં તેના માયાંગ પંકિંગ કહેવામાં આવે છે.)મા જોવા મળે છે. આ પંખીને વિશ્વનાં અન્ય ઘણા ભાગોમાં ફેલાવવામાં આવ્યાં છે અને તેની જંગલી વસ્તી પ્યુઅર્ટો રિકો અને હિસ્પેનિયોલા તેમજ ઓસ્ટગેલિયાના ભાગો અને યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં રહેવાસી થઈ છે. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર(આઉયુસીએન) દ્વારા ા પક્ષની ઓછામાં ઓછી ચિંતાનાં પક્ષી તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. – **તળશીભાઈ મો. પટેલ**


# અભિપ્રાયનું અગત્ય

અમેરિકાનાં એક મહાન હાસ્ય લેખકનાં જીવનનો પ્રસંગ છે. માર્ક ટવેન જુવાન હતો ત્યારે પોતાનાં એક દોસ્તની બહેનનાં પ્રેમમાં પડયો. એ યુવતીનું દિલ તો એણે જીતી લીધું, પણ યુવતીનાં પિતાની સંમતિ ના મળે તો યુવતી પરણવા તૈયાર થાય તેમ નહોતું. માર્ક ટવેન યુવતીનાં પિતા પાસે પહોચ્યો અને એમની પુત્રીનો હાથ માંગ્યો.

પિતાએ યુવકને કહયું : ''હું તમને બરાબર પિછાનતો નથી. તમે કોઈચાર માણસોનાં પ્રમાણપત્રો લાવી આપો. કોઈ ચાર માણસો તમારે વિશે સારો અભિપ્રાય આપે તો હું મારી પુત્રી તમને પરણાવવા તૈયાર છું'' માર્ક ટવેઈને કહયું : 'મારે ચાર માણસો જોડે સંબંધ છે. હું તમને તેમનાં સરનામાં આપું. તમે પત્ર લખીને મારે વિશે એમનો અભિપ્રાય સીધો મેળવી જુઓ. ''પછી માર્ક ટવેઈને સરનામાં આપ્યાં. યુવતીનાં પિતાએ માર્ક ટવેઈન વિશે તેમનાં અભિપ્રાય મંગાવ્યા. પેલા સદગૃહસ્થોએ તુરત જવાબ પણ મોકલ્યા. યુવતીનાં પિતા પર જ એ પત્રો ગયા હોય તે તો સ્વાભાવિક છે. યુવતીનાં પિતાએ માર્ક ટવેઈનને બોલાવ્યો અને પેલા પત્રો તેનાં હાથમાં મુકયા. માર્ક ટવેઈન જેમને સારા મિત્રોને શુભેચ્છકો ગણતો હતો તેમનાં આ પત્રોમાં માર્ક ટવેઈન વિશે પ્રતિકુળ અભિપ્રાય હતો. ચારે જણે માર્ક ટવેઈન વિશે ખુબ ઘસાતું લખ્યું હતું. માર્ક ટવેઈનનો ચહેરો રડવા જેવો માર્ક ટવેઈન વિશે ખુબ ઘસાતું લખ્યુંહતું. માર્ક ટવેઈનનો ચહેરો રડવા જેવો થઈ ગયો. તેણે હતાશાથી કહયું : ''મને લાગે છે કે, આ સંસારમાં મારો કોઈ મિત્ર જ નથી.'' યુવતીનાં પિતાએ માર્ક ટવેઈનના વાંસા પર હાથ મુકીને કહયું કે, ''તું ચિંતા ના કરીશ. આજથી હું તારો મિત્ર ! હ માર્ક ટવેઈનની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા. પેલા સજજને પોતાની પુત્રી માર્ક ટવેઈન જોડે પરણાવી.

માર્ક ટવેઈનને આ બાબતમાં નસીબદાર માણસ કહેવો પડે, નહિતર બીજે આવું બન્યું હોય તો તે યુવક બાજી હારી જ જાય. તે કદી પોતે ચાહેલી યુવતીને પરણી ના શકે. યુવતીનો પિતા સમજદાર ના હોત તો માર્ક ટવેઈનનું શું થાત ? એક હોનહાર યુવક હતાશ થઈ ગયો હોત, તેના મનમાં નિરાશા ઉભરાઈ આવી હોત ને તે કદાચ જિંદગીને વેડફી બેઠો હોત.

જીવનમાં આવું બને છે. બહુ થોડા માણસો પેલી યુવતીનાં પિતાનાં જેવા સમજદાર કે દયાળુ હોય છે ને ઘણા બધા માણસો માર્ક ટવેઈનનાં પેલા પરિચિતો જેવા જ હોય છે. આ પરિચિતો પણ ખરાબ માણસો નહોતા, પણ જયારે તેમને અભિપ્રાય આપવાનો આવ્યો ત્યારે તેઓ માણસ મટીને માત્ર ન્યાયાધીશ બની ગયા. અને એ પણ કઠોર ન્યાયાધીશ. હકીકતે, સારો અભિપ્રાય માગનારે તેમનો અભિપ્રાય આગળ ઉપર સાચો પુરવાર થયો ન હોત તો તેમને કઈ શિક્ષા કરી ના હોત. પણ આમાં કોઈ માણસ વિશે ખોટો અભિપ્રાય ઈરાદાપુર્વક આપવાની હિમાયત કરવાની વાત નથી. વાત તો માણસનાં વલણની છે. પોતાનો અભિપ્રાય બીજા માણસો માટે સાચો ના પણ હોય તેવું બની શકે તેમ સમજીને માણસ વધુ પડતો કઠોર ના બને તો ચાલે. હકીકતે માણસ વિશેનાં માણસનાં અભિપ્રાયો એકાંગી જ હોય છે. તમને એવું સાચેસાચ લાગતું હોય કે આ માણસ નકામો છે, છતાં ખરેખર એ માણસ નકામો ના પણ હોય, તમને સાચી કે ખોટી એક છાપ તેને વિશે પડી છે.તમેને જે છાપ પડી છે તેની મર્યાદા સમજયા વગર તમને તે છાપને માણસની ફિંગરપ્રિન્ટ બનાવી દો અને તેને આધારે તેનાં ગુનાઓનાં ઈતિહાસનાં અનુમાનો અફર તારણની જેમ આગળ કરો ત્યારે મુશ્કેલી ઉભી થાય છે. કોઈ પરિચિત




: **સંપાદક** :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

વ્યકિત માટે તમે સારો કે માઠો અભિપ્રાય આપો તેમાં તમને પોતાને કંઈ ફરક પડતો નથી. – તમે સારો અભિપ્રાય આપો અને છતાં પેલી વ્યકિતનું કામ ના થાય તેમ પણ બની શકે ને માર્ક ટવેઈનની વાતમાં બન્યું તેમ, તમે ખરાબ અભિપ્રાય આપો ને તે છતાં તેનું કામ બની જાય. એટલે તમારા અભિપ્રાયથી જ નિર્ણય થવાનાં છે તેમ માની લેવા જેવું નથી હોતું. છતાં તમારા અભિપ્રાયથી કોઈ માણસની જિંદગી બની પણ શકે છે, તેમ બગડી પણ શકે છે. તે શકયતાનો જરા માણસાઈથી વિચાર કરવા જેવું ખરૂં, પેલા માણસનાં જીવનમાં તે એક નિર્ણયની ઘડી હોય છે, અને તમારો સારો–માઠો અભિપ્રાય તેની બાજી પલટાવી શકે છે. માણસનું મૂલ્યાંક કરવાનું આવે ત્યારે બહુ કઠોર મુલ્યાંકન કરશો નહી, કેમ કે, આમાં ભુલ થવાનો બહુ જ સંભવ છે. તે યાદ રાખવા જેવું છે કે, તમારે વિશે ને તમારા નિકટનાં સ્વજનો વિશે પણ કોઈનો અભિપ્રાય આવો જ કઠોર હોઈ શકે છે.

કોઈને સવાલ થશે કે આપણે અમુક માણસને ઓળખીએ છીએ – તેના અવગુણોની આપણને ખબર છે, છતાં તેના વિવાહ કે નોકરી માટે આપણો અભિપ્રાય માંગવામાં આવે તો તેનું કલ્યાણ કરવા ખાતર જ ખોટો અભિપ્રાય આપવો ? તે માણસ ખરાબ હોય તો પણ તેને સારો કહેવો ? આ તો અનૈતિક કહેવાય ! પણ માણસો વિશે આવા સો ટકા સાચા અભિપ્રાયો બાંધવાનું શકય જ નથી હોતું – આપણા મન પર તેના ગુણો કે અવગુણોની એક છાપ જ હોય છે. તેનાં કોઈ નકકર સંગીન પુરાવા નથી હોતા. જયાં ખરેખર પુરાવા નથી ત્યાં માણસને નિર્દોષ માનવાનું જ વધુ ન્યાયસંગત છે. શકનો લાભ આપી શકાતો હોય ત્યાં શકનો લાભ આપવામાં જ ન્યાયનો હેતું સારી રીતે સરતો હોય છે. મોટે ભાગે તો માણસો ઉપર છલ્લા અભિપ્રાયો જ આપતા હોય છે. માત્ર પોતાની ઉપલક છાપ જ વર્ણવતા હોય છે. અભિપ્રાય આપવાનો આવે ત્યારે કેટલાક માણસો એકદમ તટસ્થ અને કઠોર બની જવાની કોશિશ કરે છે. એવું શા માટે ? માણસ છીએ તો માણસાઈથી વિચારીએ – આપણાં અભિપ્રાયને અકારણ કોઈને માટે આકરી શિક્ષાની સજા બનાવી ના દઈએ.

ડાહ્યા માણસો કહે છે કે તમે બીજા કોઈનાં મામલાનાં તમારી જીભ વાપરો ત્યારે સારી રીતે વાપરજો. કેટલાક કાતરની જેમ જીભ વાપરે છે અને સંધાયેલા કે સંધાઈ રહેલાં સંબંધોને કાપતા જ રહે છે. કેટલાક પોતાની જીભનો ઉપયોગ સોય દોરા જેવો કરે છે. ને માણસ માણસ વચ્ચેનાં સંબંધો સાંધવામાં સહાયભુત થાય છે. આ પ્રવૃતિ વધું રચનાત્મક છે. આપણી અધુરી પિછાનને આખરી ને અફર માનીને નિર્ણયો બાંધવા જતાં આપણે વિના કારણે એક નકારાત્મક કામગીરી કરતાં ફરીએ તેવું જોખમ રહે જ છે ને તેથી તેનાથી બચીને ચાલવાનું જ વધુ યોગ્ય છે.માણસો વિશેનાં આપણા સારા કે માઠા અભિપ્રાયો ફેરફારને પાત્ર હોય છે. તેને અદાલતી ચુકાદાની અફર ભાષામાં ઢાળવા નહીં જોઈએ. અદાલતી ચુકાદામાં તો ન્યાયમુર્તિ તેનાં તમામ પાસાં તપાસે છે, પુરાવા તપાસે છે અને પછી કાંઈક નિર્ણય પર આવે છે. અને છતાં તે ગંભીર બાબતો હોય ત્યાં એકથી વધુ ન્યાયમુર્તિઓ બેસે છે. ને જયુરીને પણ આમાં સામેલ કરે છે. બીજી બાજુ આપણે તો આપણા પોતાનાં જ ઉપર છલ્લા અભિપ્રાયને આખરી ફરમાન જેવો ઘાટ આપી દઈએ છીએ અને આમ કરવા જતાં ઘણા બધાને અન્યાય કરી બેસીએ છીએ.

કઠોર અભિપ્રાયો બાંધવાની એક આદત પડી જાય છે. અને પછી આપણા આ તટસ્થ ''નિર્દોષ' અભિપ્રાયો સંબંધોની તમામ નવી રચનાઓમાં એક વિક્ષેપકારક શસ્ત્રનું જ કામ કરે છે. આ આદતનું જોર એટલું વધી પડે છે કે, કેટલાક માણસો માંગ્યા વગર પણ બીજાઓ વિશે કઠોર અભિપ્રાયો ઉછાળ્યા કરે છે. આ રીતે તેઓ ઘણું બધું રોકવા મથે છે, ને પછી તેમને ખબર પડે છે કે કંઈ રોકાતું જ નથી. આપણી ઈચ્છાઓ પ્રમાણે ઘટનાઓ બનતી નથી ને કડક અભિપ્રાયો ઉચ્ચારનારા કંઈક એવી માન્યતાથી જ આવું કરતા હશે કે પોતે ઘટનાઓને બદલી શકે છે, રોકી શકે છે, વાળી શકે છે.


આથી તેઓ પોતાની જબાન ઉપર નકારાત્મક પ્રમાણપત્રોનો એક થોકડો રાખે છે ને ચોપાનિયાની જેમ તેને ઉછાળતા રહે છે. તેનાથી તેમને પોતાને જ સૌથી મોટું નુકશાન થાય ાછો. ને તે એ કે તેમની દ્રષ્ટિમાં નકારાત્મક કિરણો બહુમતીમાં આવી જાય છે.જે ખુદ તેમનાં જીવન પર એક કાળી છાયા જ પાથરે છે.

– **ભૂપત વડોદરિયા**


# આ મારું ચિત્ર છે




જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ-૬-અ-રૂપાયતન સ્કૂલ, અમરેલી)



જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ-૬-અ-રૂપાયતન સ્કૂલ, અમરેલી)



જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ-૬-અ-રૂપાયતન સ્કૂલ, અમરેલી)



જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ-૬-અ-રૂપાયતન સ્કૂલ, અમરેલી)

# આંબરડી માધ્યમિક શાળા ખાતે નૂતન બિલ્ડીંગનનાં અકલ્પનીય, રંગારંગ કાર્યક્રમ સાથે લોકાર્પણ સમારોહ સંપન્ન



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અમરેલી જિલ્લાના આંબરડી માધ્યમિક શાળા ખાતે તા.૧૨/૧/૨૪ ના રોજ નૂતન બિલ્ડિંગ લોકાર્પણ સમારોહમાં દેશના સહકારી ક્ષેત્રના અગ્રણી અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના નૂતન બિલ્ડિંગના લોકાર્પણ મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ મનભાવક રહ્યો હતો. સમારોહ દરમિયાન સાંસદ નારણભાઈ કાછડિયા,ધારાસભ્ય મહેશભાઈ કસવાલા,અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, શાળાના મેનેજિંગ ટ્રસ્ટી અને ઈફકો કિસાન સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી દીપકભાઈ માલાણી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષ સંઘાણી, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને દાતા ભાવિનભાઈ અજમેરા (મુંબઈ), અતુલભાઈ માલાણી (બિલ્ડર અગ્રણી,દાતા), ડો.હસુભાઈ પાંચાણી (દાતા, બિલ્ડર અગ્રણી), શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પટેલ કન્યા વિદ્યાલય અમરેલીના આચાર્ય શ્રીમતી અરૂણાબહેન માલાણી, એનસીયુ આઈ મહિલા સમિતિના સભ્ય શ્રીમતી ભાવનાબહેન ગોંડલીયા સહિત પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, આમંત્રિત આગેવાનો અને મોટી સંખ્યામાં બહેનો,ભાઈઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.ધારાસભ્ય મહેશ કસવાલાએ પોતાના પ્રસંગીક ઉદ્બોધનમા જણાવેલ કે શૈક્ષિણક ક્ષેત્રે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાઓ દ્વારા આવું અત્યાધુનિક બિલ્ડિંગ તૈયાર કરી અને અદભુત લોકાર્પણ અમરેલી જિલ્લામાં પ્રથમ લોકાર્પણ છે. જાજરમાન અને અદભુત લાઈટિંગની ઝાકઝમાળ વચ્ચે સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ કૃતિઓમાં રામાયણ, રસખાન, કચ્છી રાજસ્થાની રાસ,ગોરા કુંભાર,કોમેડી પાત્રોએ હજજારો દર્શકોને ઠુઠવાતી ઠંડીમાં પણ પકડ જમાવી રાખી હતી. નવ નિર્મિત બિલ્ડિંગમાં બહુ મૂલ્ય આર્થિક યોગદાન આપનાર મૂળ આંબરડીના મુંબઈ સ્થિત ભુતપુર્વ વિદ્યાર્થી દાતા ભાવિન અજમેરા તેમજ પરિવારનું તથા બહુ મૂલ્ય દાતા એવા અતુલભાઈ માલાણી,ડો.હસુભાઈ પાંચાણી, ડો.હિરેન ભાલાળા સહિત દાતાઓનું પણ મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા. સમારોહના એક માસ પૂર્વેથી વિદ્યાર્થીઓને સતત પ્રેકિટસ કરાવી કાર્યક્રમને સફળ બનાવવા હાઈસ્કૂલના આચાર્ય એમ. ડી.માલવિયા, જે.પી. પાનસુરિયા, રેખાબેન ઠુંમર, એચ.એલ. પટેલ,ડી. એસ.વિરડા, આર.એલ. ચારિયા, શરદભાઈ ગેદાની, ભાવિન જોશી, વિશાલ દવે,ચિરાગ ચુડાસમા,પંકજ મકવાણા,અકરમભાઈ દ્વારા ભારે જહેમત ઊઠાવી હતી. સમારોહ સમાપન અંતે ભવ્ય લોક ડાયરામાં લોક સાહિત્ય અને હાસ્ય કલાકાર ભગવાન ચાવડા, વિમલ વાળા,પારસ ચાંદુ,યશ્વી પટેલ સાથે અમરેલીના જીલ ઓરકેસ્ટ્રા પાર્ટીએ જમાવટ કરી સમારોહને યાદગાર પ્રસંગ બનાવી દીધો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ સતાસિયા, મુકેશભાઈ માલવીયા અને રેખાબેન ઠુંમર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૦ | ૧૪૦૪ |
| ૨ | મગફળી | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ૩ | ઘઉં | ૫૬૧ | ૫૬૧ |
| ૪ | ચણા | ૬૮૦ | ૯૪૧ |
| ૫ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૬ | તુવેર | ૧૧૦૦ | ૧૮૭૧ |
| ૭ | અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૮ | સોયાબીન | ૬૯૦ | ૮૬૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૧૮૫ | ૧૩૦૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૮૫ | ૨૭૭૫ |
| ૪ | ઘઉં | ૪૮૫ | ૫૭૫ |
| ૫ | સોયાબીન | ૮૬૦ | ૯૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૦ | ૧૨૬૭ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૭૭ |
| ૩ | શિંગદાણા | ૧૨૪૦ | ૧૪૫૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૧૧૬ |
| ૫ | તલ કાળા | ૨૪૦૦ | ૩૫૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૭૮૫ | ૪૧૭૫ |
| ૭ | બાજરો | ૪૧૬ | ૫૨૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૪૭ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૪ | ૫૯૦ |
| ૧૦ | મગ | ૧૩૨૫ | ૧૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૮૧૫ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૧૧૦ |
| ૧૩ | તુવેર | ૧૦૫૧ | ૨૦૧૧ |
| ૧૪ | કપાસ | ૧૦૪૦ | ૧૪૩૨ |
| ૧૫ | એરંડા | ૧૦૮૮ | ૧૧૧૪ |
| ૧૬ | રાયડો | ૭૭૦ | ૭૭૦ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૨૩૨ |
| ૧૮ | અજમા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૯ | મેથી | ૯૨૦ | ૯૨૫ |
| ૨૦ | સોયાબીન | ૮૫૦ | ૮૯૨ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૪૦ | ૩૨૭૦ |

## લીલીયાનાં ઢાંગલા ગામે સોમવારે રામજી મંદિરનું ભૂમિપૂજન કરાશે

લીલીયા, તા. ૧૯

લીલીયાના ઢાંગલામાં આગામી તારીખ ૨૨–૧–૨૪ ના રોજ સોમવારે અયોધ્યા રામજી મંદિરની સાથે રામજી મંદિરનું ભૂમિ પૂજન અને ખાતમુહૂર્ત રાખવામાં આવેલ છે. આ તકે સમસ્ત ગામમાં ભારે ઉત્સાહ અને ઉમંગ છે. અંદાજિત રૂપિયા એક કરોડ જેવી રકમના ખર્ચે બનનાર આ મંદિર ઢાંગલાની રોનક બનશે. આ તકે ભવ્ય શોભાયાત્રા પ્રભાત અન્ય ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

પાના ૮ ઉપરનું ચાલું **ચલાલા પોલીસ સ્ટેશનનાં**

દીતલાનીઅટકાયતકરવામાંઆવેલછે.

આ કામગીરી ચલાલા પોલીસ સબ ઈન્સ્પેકટર પી.ડી. ગોહીલની સુચના મુજબ સર્વેલન્સ ટીમના અના. હેડ કોન્સ્ટેબલ યુવરાજભાઈ વાળા તથા પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સરવૈયા તથા પોલીસ કોન્સ્ટેબલ નજુભાઈ વાળા વિગેરે પોલીસ સ્ટાફ ધ્વારા કરવામાં આવેલછે.

## અવસાન નોધ

**વડિયા :** વડિયા નિવાસી ગંગાબેન વશરામભાઈ પરમાર ઉ.વ. ૧૦૩ તે જેસીગભાઈ તથા પ્રવિણભાઈ ના માતૃશ્રીનું તા ૧૫/૧/૨૦૨૪ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. જેમની ઉત્તરક્રિયા પાણીઢોળ તારીખ ૨૫/૧ ને ગુરૂવારે વડિયા મુકામે રાખેલ છે.

**ચલાલા :** ચાંદગઢ નિવાસી હાલ અમરેલી રહેતા કિરીટભાઈ બી. ઠાકર (ઉ.વ. ૬૩)નું તા. ૧૮/૧/૨૪નાં અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦/૧/૨૪ને શનિવારે રામેશ્વર મંદિર, મધુવન પાર્ક, લાઠી રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૦ | ૧૪૬૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૮૫ | ૯૮૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૩૪ | ૧૨૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૧૫ |
| ૩ | તલ સફેદ | ૨૯૫૦ | ૩૧૩૧ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૫ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૦૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૩૦ |
| ૭ | બાજરો | ૪૨૧ | ૪૮૪ |
| ૮ | જુવાર | ૭૫૧ | – |
| ૯ | મગ | ૨૦૧૨ | – |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૫૦ | ૯૦૦ |


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ (૧) ઉષાબેન કાંતિભાઈ સોલંકી (૨) પારૂલબેન કાંતિભાઈ સોલંકી (૩) વિરલબેન કાંતિભાઈ સોલંકી (૪) મયુરીબેન કાંતિભાઈ સોલંકી (૫) ધવલભાઈ કાંતિભાઈ સોલંકી રે. અમરાપરા, તા. બાબરા, જિ. અમરેલી વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલકત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. અમરાપરા ગ્રામ પંચાયત આકારણી નં. ૮, ક્રમ નં. ૨૬૪ મિલ્કત રહેણાંક મકાન ચો.વાર ૧૨૭.૭૭ વાળી મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઇ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી, અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૯/૦૧/૨૦૨૪

ઓફીસ : મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે. મુ. બાબરા.
મો. ૯૯૨૫૦૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
**એડવોકેટ**


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૪ | ૧૪૪૧ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૩ | જુવાર સફેદ | ૯૧૫ | ૯૧૫ |
| ૪ | બાજરો | ૪૮૦ | ૪૮૦ |
| ૫ | તુવેર | ૧૫૭૫ | ૧૫૭૫ |
| ૬ | સોયાબીન | ૮૧૧ | ૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૯૦૧ | ૧૦૩૧ |
| ૩ | મગફળી | ૯૬૫ | ૧૨૩૫ |
| ૪ | તુવેર | ૧૨૧૫ | ૧૭૮૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૭૦ |
| ૮ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૧૦ | રાયડો | ૬૦૫ | ૮૦૦ |
| ૧૧ | ધાણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૧૨ | સોયાબીન | ૮૨૮ | ૮૪૦ |


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત

## ॥ ધ્વજવંદન નિમંત્રણ ॥

૭૫ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધ્વજવંદન બાદ સંસ્થાનાં સ્ટુડન્ટ્સ દ્વારા **માર્ચપાસ્ટ, સમૂહ કવાયત, યોગાસન અને જિમનાસ્ટીકનાં** કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટ્સ, પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

:: ધ્વજ વંદન ::
માનનીયશ્રી પી. પી. સોજીત્રા
(સર્વમાન્ય નેતાશ્રી, અમરેલી)

:: અધ્યક્ષ સ્થાન ::
માનનીયશ્રી દિનેશભાઈ ભૂવા
(પ્રમુખશ્રી, લેઉવા પટેલ સમાજ, અમરેલી)

:: અતિથિ વિશેષ ::
શ્રી નાનુભાઈ બાંભરોલીયા – ટ્રસ્ટી, મા ફાઉન્ડેશન–વાપી
ડૉ. ભરતભાઈ કાનાબાર – રેડક્રોસ બ્લડબેંક
શ્રી વસંતભાઈ મોવલીયા – ટ્રસ્ટી,ખોડલધામ
શ્રી મુકેશભાઈ સંઘાણી – તપોવન આશ્રમ
શ્રી વજુભાઈ ગોલ – ટ્રસ્ટી, ઉમીયાધામ

:: રાજસ્વી ગૌરવ ::
શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – કેન્દ્રીય મંત્રીશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી નારણભાઈ કાછડીયા – સાંસદશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી કૌશિકભાઈ વેકરીયા – ના. ઉપદંડકશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંધાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી ભરતભાઈ સુતરીયા – પ્રમુખ જી. પંચાયત
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી કિશોરભાઈ કાનપરીયા – પ્રમુખ તા. પંચાયત
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી
શ્રી બિપીનભાઈ લિંબાણી – પ્રમુખ ન. પાલીકા
શ્રી રાજેશભાઈ કાબરીયા – પ્રમુખ જી. ભાજપ
શ્રી પ્રતાપભાઈ દુધાત – પ્રમુખ જી. કોંગ્રેસ

તા. ૨૬/૦૧/૨૦૨૪ ને શુક્રવાર, સવારે ૦૯:૦૦ કલાકે.
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી.

:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૮૪ |
| ૨ | તલ સફેદ | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ૩ | તલ પીળા | ૪૦૮૫ | ૪૦૮૫ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૫૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૩૫ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૯૫૧ |
| ૮ | મગ | ૧૭૨૬ | ૨૫૦૧ |
| ૯ | અજમા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૧૦ | તુવેર | ૧૫૦૧ | ૧૮૦૦ |
| ૧૧ | ચણા | ૯૧૬ | ૧૦૪૪ |
| ૧૨ | સોયાબીન | ૬૦૧ | ૮૭૪ |

### સર્વ સમાજની ૭ દીકરીઓનાં હસ્તે

# આવતીકાલે કાગવડ ખાતે ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરનું ભૂમિપૂજન


### મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે




અમરેલી, તા.૧૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ – કાગવડ ભકિત દ્વારા એકતાની શકિત સાથે માનવસેવા પરમો ધર્મનાં સંસ્કૃતિ બીજ સાથે સર્વ સમાજની સેવા કરવા નવા સંકલ્પ સાથે રાષ્ટ્રને સાથે રાખી, સમાજની ાસાથે રહી સેવાકાર્ય કરે છે.૨૧ જાન્યુઆરી, શ્રી ખોડલધામ મંદિરમાં બિરાજમાનમાં ખોડલનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, જેને વિશ્વમાં અનેક વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કરેલ છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ– કાગાવડનાં સ્થાપકા, માર્ગદર્શક અને સર્વ સમાજને સોથ રાખી નેતૃત્વ કરી રહેલા ચેરમેન નરેશભાઈ પટેલે ત્રણ સંકલ્પ જાહેર કરેલ છે. જેમાં શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રમાં લેઉવા પટેલ સમાજ દ્વારા સેવાકીય કાર્યો કરવામાં આવી રહયા છે. સપ્તમ પાટોત્સવ ૨૧/૧/૨૦૨૪, રવિવારનાં શુભ મંગલ અવસરે રાજકોટ જિલ્લાનાં પડધારી તાલુકાનાં અમરેલી ગામે સર્વ સમાજનાં લોકો માટે અદ્યતન અને આધુનિક ટેકનોલોજી સાથે કેન્સર હોસ્પિટલ અને રિચર્સ સેન્ટરનું ભૂમિપુજન સર્વ સમાજની સાત દીકરીઓનાં વરદ હસ્તે કરવામાં આવશે.આ ભવ્ય અને દિવ્ય ભૂમિપુજન સમારોહ ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાંા શ્રી ખોડલધામ મંદિર– કાગવડ ખાતે ૨૧/૧/૨૦૨૪નાં રોજ યોજાશે. સવારે ૭ વાગ્યાથી ૮:૩૦ સુધી ભવ્ય લોકડાયરો યોજાશે. કેન્સર હોસ્પિટલની જગ્યામાં ભૂમિપુજન વિધિનું ૮:૩૦ થી ૯ વાગ્યા સુધી લાઈવ પ્રસારણ શ્રી ખોડલધામ મંદિર કાગવડમાં યોજાનાર જાહેર કાર્યક્રમમાં દર્શાવવામાં આવશે. ૯ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી મહાસભાનું આયોજનન કરવામાં આવ્યું છે.શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે યોજાનાર આ ભૂમિપુજન સમારોહમાં દેશનાં આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી જોડાશે. આ ઉપરાંત રાજયનાં આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આદરણીય કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયા શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે યોજાનાર ભૂમિપુજન સમારોહમાં ઉપસ્થિત રહેશે.શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે યોજાનાર ભૂમિપુજન સમારોહને લઈને હાલ તમામ તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. ભૂમિપુજન સમારોહમાં મોટી સંખ્યામાં લોકો પધારવાનાં હોય ૭૦૦ વિઘામાં અલગ અલગ દિશામાં ૬ વિશાળ પાર્કિંગ તૈયાર કરવામાં આવ્યા છે. ૨૧ જાન્યુઆરીનાં રોજ વ્યવસ્થાનાં ભાગરૂપે ૪ હજાર ાજેટલા સ્વયંસેવકો મંદિર પરિસર, પાર્કિંગ, સભાખંડ સહિતની જગ્યાએ ખડેપગે રહીને સેવા આપશે. આ ભૂમિપુજન સમારોહમાં સમાજનાં દાતાઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડનાં ટ્રસ્ટીઓ, શ્રી સરદાર પટેલ, કલ્ચરલ ફાઉન્ડેશન–રાજકોટનાં ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન– વેરાવળ સોમનાથનાં ટ્રસ્ટીઓ, રાજકીય, સામાજિક અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ– કાગવડની વિવિધ સમિતિઓ જેમ કે શ્રી ખોડલધામ મુખ્ય સમિતિ, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, શ્રી ખોડલધામ લીગલ સમિતિ, શ્રી ખોડલધામ મીડિયા સમિતિ, શ્રી ખોડલધામ કલાકાર સમિતિ સહિતની અન્ય સમિતિઓનાં કન્વીનરઓ, સહ કન્વીનરઓ, કાર્યકરો, વિવિધ સોશિયલ ગ્રૂપનાં હોદેદારો–સભ્યો, અટકથી ચાલતાં પરિવારનાં હોદેદારો– સભ્યો, વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનનાં હોદેદારો– સભ્યો, વિવિધ સામાજિક સંસ્થાનાં હોદેદારો– સભ્યો અને મોટી સંખ્યામાં ભાઈઓ– બહેનો હાજરી આપશે.ા આ ભૂમિપુજન સમારોહમાં પધારવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા સર્વે લોકોને ભાવભર્યુ જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### બગસરાની આપાગીગાની જગ્યામાં પૂજા અર્ચના કરવામાં આવશે




બગસરા, તા. ૧૯

બગસરાની સુપ્રસિદ્ધ પૂજય શ્રી આપાગીગા ગાદી મંદિરમાં તારીખ ૨૨/૧/૨૦૨૪ ને સોમવારના રોજ અયોધ્યા સ્થિત ભગવાન શ્રી રામ લાલાની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવણીના ભાગરૂપે બપોરે ૧૨:૩૦ કલાકે પૂજય મહંત જેરામબાપુના વરદ હસ્તે વીધીવત પૂજન અર્ચન કરી નિવેદ ધરવામાં આવશે તેમજ સમૂહ આરતી કરવામાં આવશે. સુંદરકાંડ પરિવાર વતી બપોરે ૩:૩૦ કલાકે ઉત્તરકાંડના પાઠ ગાદી મંદિરમાં કરવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવનો લાભ લેવા કોઠારી હરિબાપુએ હાર્દિક નિમંત્રણ આપેલ છે.

### અયોધ્યામાં શ્રીરામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવને લઈને

# અમરેલીમાં સારહિયુથ કલબ દ્વારા રવિવાર અને સોમવારે વિવિધ કાર્યક્રમો યોજાશે


### પ્રમુખ મુકેશ સંઘાણી દ્વારા ભગવાન શ્રીરામનું પૂજન કરાશે



અમરેલી, તા.૧૯

આગામી સમયમાં અદ્વિતીય મહોત્સવ અયોધ્યા ખાતે શ્રીરામ જન્મભુમી પર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થવા જઈ રહી છે, ત્યારે સારહી યુથ કબલ ઓફ અમરેલી દ્વારા અમરેલીની ધર્મપ્રેમી જનતા પણ આ અભૂતપુર્વ મહોત્સવનો ભાગ બની શકે એ માટે તા.૨૧/૧/૨૦૨૪ને રવિવારનાં રોજ બપોરે–૪ કલાકે 'અક્ષત કળશ યાત્રા'નું આયોજન કરવામાં આવેલ હોય, આ યાત્રા શ્રી ભીડભંજન મહાદેવ મંદિરથી રામજી મંદિર સુધી રહેશે. તેમજ તા.૨૨/૧/૨૦૨૪ ને સોમવારનાં કાર્યક્રમોમાં ડો.જીવનરાજ મહેતા ચોક ખાતે સવારનાં ૯ કલાકથી ભગવાન શ્રીરામનું પુજન – અર્ચન, રાત્રીનાં ૮ કલાકે મહા આરતી તેમજ રાત્રીનાં ૯ કલાકે આતશબાજીનો કાર્યક્રમ રાખેલ છે. સારહી યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી દ્વારા આ બે દિવસનાં કાર્યક્રમમાંા અમરેલી શહેરની ધર્મપ્રેમી તમામ જનતાને સહપરિવાર જોડાવા એન આ મહોત્સવનો ભાગ બનવા આમંત્રણ આપવામાં છે, ''ચાલો સૌ સાથે મળી અમરેલી શહેરનાં આંગણે ભગવાન શ્રીરામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને ઉજવીએ ''ભારતદેશનાં આ અભૂતપુર્વ મહોત્સવનો ભાગ બનીએ તેમ સારહી યુથ કલબની યાદીમાં જણાવવામાં આવે છે.

# ખાખરીયા : અયોધ્યા ધામ પ્રતિષ્ઠા મહોત્સવની કરાશે ઉજવણી



બાબરા, તા. ૧૯

અયોધ્યા ધામ ખાતે પ્રભુ શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમસ્ત ખાખરીયા ગામમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકો ઉત્સાહભેર તડામાર તૈયારીઓ કરી રહ્યા છે તેમજ શેરીઓ શણગારવામાં આવી છે. ઘરે ઘરે ૨૧ અને ૨૨ તારીખના રોજ તોરણ બાંધી રંગોળી પુરી અને દીવડા પ્રગટાવી અને દિવાળી મનાવશે.

આખું ગામ રામમય બનશે તેમજ ૨૧ તારીખના રોજ ખાખરીયા ગામે રામજી મંદિર ખાતે ભવ્ય મહિલા સત્સંગનું આયોજન તેમજ ૨૨ તારીખના રોજ સવારે પ્રભાત ફેરી બપોરે પ્રતિષ્ઠા સમયે મહા આરતી દિવડા પ્રગટાવી તેમજ ભગવાનના અનેરા દર્શન તેમજ બપોર પછી રથયાત્રા સાંજે આરતી તેમજ દિવડા પ્રગટાવશે રાસ ગરબા, રામ ધુન, ભજન વગેરે કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવવા માટે સમસ્ત ખાખરીયા ગામ અને તેના યુવાનો, બહેનો, માતાઓ, બાળકો દ્વારા રામજી મંદિરથી ભવ્ય આયોજન થઈ રહ્યું છે.

### જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# વલારડી- ચિતલ રોડનું ખાત મુહુર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું

### રૂપિયા ૬ કરોડ ૬૫ લાખના ખર્ચે વલારડી ચિતલ રોડ નવનિર્માણ પામશે



બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના વલારડી ગામથી ચિતલ સુધી આવેલ કાચા માર્ગમાં પાકો ડામર રોડ બનાવવામાં આવનાર છે જેનો ખાતમુહુર્ત કાર્યક્રમ વિધિવત રીતે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો.

માર્ગ અને મકાન વિભાગની રૂપિયા ૬ કરોડ ૬૫ લાખના અનુદાનની રકમમાંથી વલારડી ચિતલ વચ્ચે આવેલ કાચા માર્ગમાં પાકો ડામર રોડ બનાવવામાં આવશે.

અંદાજે ૯૪૦૦ મીટરની લંબાઈવાળા પાકા ડામર રોડની કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે.

વલારડી ગામે ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયાએ જણાવ્યું હતું કે આ બંને ગામો વચ્ચે વર્ષોથી કાચો માર્ગ હતો અને હવે નવો ડામર રોડ બનાવવાની કામગીરી શરૂ થશે એટલે ગ્રામજનોના વર્ષો જુના માર્ગમાં પાકો ડામર રોડ બનાવવાનું સ્વપ્ન સાકાર થશે.


વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝડપી કામગીરી કરી ખૂબ જ ઓછા સમયમાં આ રોડનું કામ પૂર્ણ કરવામાં આવશે.

આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત અમરેલીના સદસ્ય નીતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, તાલુકા ભાજપના અશોકભાઈ રાખોલીયા, કિરીટભાઈ બગડા, રાજુભાઈ વિરોજા, આગેવાન કાંતિભાઈ દેત્રોજા, મધુભાઈ ગેલાણી, માજી સરપંચ અશોકભાઈ રજોડીયા, હાલ સરપંચ જગદીશભાઈ, કિશોરભાઈ દેથલીયા, વલ્લભભાઈ દેત્રોજા, ટી.વી. રજોડીયા, નાથાભાઈ, અરવિંદભાઈ કાવઠીયા, દીપકભાઈ કાવઠીયા, મુન્નાભાઈ દેત્રોજા, વિપુલભાઈ રાસડીયા સહિતના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યો, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મેહુલસિંહ ચાવડા સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### અયોધ્યા ખાતે શ્રી રામલલ્લા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત


# બાબરા ખાતે આવેલ તમામ ધાર્મિક સ્થાનોમાં સ્વચ્છતા અભિયાન કરાયુ

### શહેર ભાજપ પ્રમુખનાં નેતૃત્વમાં કાર્યક્રમ યોજાયો



બાબરા, તા. ૧૯

બાબરા શહેરમાં અયોધ્યા રામ મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બાબરા શહેરના તમામ મંદિરો ધાર્મિક સ્થળોએ સફાઈ અભિયાન દ્વારા બધા જ મંદિરોને મંદિરોમાં સફાઈ કરવામાં આવી. આ વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ પણ સાથે રહ્યા હતા તેમજ બાબરા શહેર ભાજપની ટીમ સાથોસાથ ચૂંટાયેલા તમામ નગરપાલિકાના હોદ્દેદારો સભ્યો અને નાના–મોટા કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો અને આશ્રમના સેવકો બધા ઉપસ્થિત રહીને ખૂબ સારી રીતે સફાઈ કામ કરીને આ કાર્યક્રમ વધુમાં વધુ સારો ઉજવાય એવા પ્રયાસો કરી રહ્યા છે અને તાપડિયા આશ્રમના સંત શ્રી પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ઘનશ્યામદાસ બાપુની હાજરીમાં તાપડિયા આશ્રમમાં સફાઈ તેમજ પંચકુંડ, કપિલા હનુમાનજી વિવિધ મંદિરોમાં સફાઈ કરવામાં આવી હતી તેમજ તમામ સેવકોને સાથે રાખીને આશ્રમમાં રંગોળી સુશોભન વગેરે કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.




# ચિત્તલ જસવંતગઢ ખાતે વિહિપની આગેવાનીમાં અક્ષત કળશ યાત્રા યોજાઇ



આવનાર ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે શ્રી રામચંદ્ર ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાઈ રહ્યો છે. ત્યારે સમગ્ર ભારતમાં ભગવો લહરાશે એ ઉત્સવના ભાગરૂપે આજે ચિત્તલ જસવંતગઢ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ આયોજિત ભવ્ય કળશયાત્રાનું પ્રસ્થાન જસવંતગઢ રામજી મંદિરથી ચિત્તલના ધારેશ્વર મંદિર સુધી કરવામાં આવ્યું. આ કળ શ યાત્રાનું પ્રસ્થાન વિધાનસભાના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ભગવાન શ્રીરામના નારા સાથે કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, મઠમંદિર સંયોજક પ્રતાપસિંહ રાઠોડ, રશ્મિનભાઈ ત્રિવેદી, જે.બી દેસાઈ, જશવંતગઢ સરપંચ અશોકભાઈ માંગરોળીયા, ચિતલ ઉપસરપંચ રઘુવીરસિંહ સરવૈયા, વિદુરભાઈ ડાબસરા, અશ્વિનભાઈ વાઢેર, બજરંગ દળ પ્રમુખ મહાવીરભાઈ વિંછીયા, પંકજભાઈ ત્રિવેદી, રમેશભાઈ સોરઠીયા, જયેશભાઈ નાકરાણી, ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, વેપારી એસોસિએશનના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, જગદીશભાઈ માંગરોળીયા, ઉદયભાઈ દવે, બીપીનભાઈ દવે, બિપીનભાઈ માંગરોળિયા, જીતુભાઈ ખાતરા, મનુભાઈ અસલાલીયા, ભાવેશભાઈ દેસાઈ, માવજીભાઈ પરમાર, રવજીભાઈ મકવાણા, સુરજભાઈ પરમાર, હસમુખભાઈ ધાનાણી, જયેશભાઈ ભીમાણી, અશ્વિનભાઈ ભાલાળા સહિતના મોટી સંખ્યામાં જશવંતગઢ તેમજ ચિત્તલના ભાઈઓ જોડાયા હતા તેમજ બહેનો દ્વારા આ અક્ષત કળશ યાત્રાના વધામણા કરવામાં આવ્યા હતા.

